# પ્રકરણ– ૧

# શ્રીમદ્ રાજચંદ્રનું જીવન

## ૧.૧ શ્રીમદ્ રાજચંદ્ર જન્મ, અભ્યાસ અને ઉછેર :

વીસમી સદીની વિભૂતિઓમાં શ્રીમદ્ રાજચંદ્ર અગ્ર પંક્તિમાં બિરાજે છે. આપણાં ભારત દેશની અધ્યાત્મ–સાધના બહુ જ પુરાણી અને સુપ્રસિદ્ધ છે. હજારો વર્ષ પહેલાં એ શરૂ થયેલી. કોણે પ્રથમ શરૂ કરી એ જ્ઞાન નથી. પરંતુ આ સાધનાના પુરસ્કર્તા અનેક મહાન પુરુષો જાણીતા છે. બુદ્ધ–મહાવીર પહેલાની એ ઋષિ–પરંપરા છે. તેમના પછી પણ અત્યાર સુધી એ સાધનાને વરેલા સંત–મહાત્મા પુરુષો દેશના જુદા–જુદા ભાગોમાં જુદી–જુદી પરંપરાઓમાં અને જુદી–જુદી નાત–જાતના થતાં આવ્યા છે.

એ જ અધ્યાત્મ–પરંપરામાં થઈ ગયેલા શ્રીમદ્ રાજચંદ્રનું જીવન આપણને એટલું જ પ્રેરણાદાયક અને જીવનદાયક છે. તેઓશ્રીના પાવનકારી જીવનમાં અવગાહન કરીને આત્મસિદ્ધિનાં પંથે વિચારીએ.

> ***"શ્રીમદ્ રાજચંદ્રના પિતામહ (દાદા) પંચાણભાઈ મોરબી તાબેના માણેકવાડામાં રહેતા હતા. વિ.સં.૧૮૯૨માં પોતાના ભાઈઓથી અલગ થઈ, પોતાની મિલકત લઈ, તેઓ વવાણિયા આવ્યા અને ત્યાં મકાન ખરીદીને વસ્યા. એ જ મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. પંચાણભાઈના ભાયાતો આજે પણ માણેકવાડામાં હયાત છે. પંચાણભાઈએ વવાણિયામાં વહાણવટાનો ધંધો ચાલુ કરવાની સાથે વ્યાજવટાનો ધંધો પણ ચાલુ કર્યો હતો. જેનાથી તેમની મહેતા અટક શરૂ થઈ હતી. પંચાણભાઈને પુત્રો જીવતા ન હતા, તેથી કોઈના કહેવાથી વવાણિયાથી એક માઈલ દૂર આવેલા રવીચિદેવીના સ્થાનકની તેમણે બાધા રાખી ત્યારબાદ વિ.સં.૧૯૭૨માં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. તે પુત્રનું નામ***

***રવીચિદેવીના નામના આધારે રવજીભાઈ રાખવામાં આવ્યું. પંચાણદાદાએ ૯૮ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. તેઓ વૈષ્ણવ ધર્મ પાળતા.''*** [૧]

શ્રી રવજીભાઈ એ શ્રીમદ્ રાજચંદ્રના પિતાજી થયા અને શ્રીદેવબાઈ એ શ્રીમદ્ રાજચંદ્રના માતુશ્રી થયા. રવજીભાઈ ચૌદ વર્ષના થયા; ત્યારથી વવાણિયા તથા ચમનપર વગેરે આજુબાજુના ગામમાં વ્યાજવટાનું કામ કરતા હતા.

રવજીભાઈ વવાણિયાના ઠાકોરના દેવમંદિરના ચોરામાં સરખે–સરખી ઉંમરના સાથીદારો સાથે દરેક વખતે બેસતા. વળી ગરાસિયાની ડેલીએ ડાયરો જામતો ત્યાં જતા અને ભાટ–ચારણો વાર્તાઓ, કથાઓ, દંતકથાઓ, ધર્મકથાઓ વગેરે કહેતા અને રવજીભાઈ રસપૂર્વક સાંભળતા.

રવજીભાઈ સાધુસંતોની બહુ જ સેવાચાકરી કરતાં હતા અને ગરીબ માણસોને અનાજ, કપડાં આપી મદદરૂપ બનતા. સાધુ, ફકીરો, સંત–મહાત્મા વગેરે ઉપર એમની ઊંડી શ્રદ્ધા અને આસ્થા રહેતી હતી.

રવજીભાઈના પત્ની દેવબાઈ પણ એટલા જ પ્રેમાળ અને સેવા પરાયણ સ્ત્રી હતા. આવા સેવાભાવી દંપતીને કુળદીપક પુત્રના માતા–પિતા થવાની આશિષો કેટલીક મહત્ત્વની વ્યક્તિઓ તરફથી મળેલી છે. એના એક–બે ઉદાહરણો જોઈએ –

***“શ્રી રવજીભાઈને ત્યાં એક વયોવૃદ્ધ આડતિયા આવતા હતા. એક વખત તે બહુ બીમાર પડી ગયા. તે વેળાએ માતા દેવબાઈએ તેમની બહુ સેવાચાકરી કરી હતી. એ વૃદ્ધ ખૂબ જ અશક્ત બની ગયા હતા. પરંતુ દેવબાઈ તેમને જરાય મૂંઝાવા દેતા ન હતા. એમની માતાતુલ્ય સેવાચાકરી જોઈને વૃદ્ધ આભારવશ થઈ બોલી ઊઠ્યા : ‘તમે મારી ચાકરી બહુ કરો છો, પ્રભુ! તમારે ત્યાં મહાભાગ્યશાળી દીકરાનો જન્મ થાઓ. આ મારો બેટા, દેવ! તમને આશીર્વાદ છે.''*** [૨]

રવજીભાઈ સાધુસંતોની સેવા બહુ ભક્તિભાવથી કરતા હતા. તેમણે એક વખત એક ફકીરની પણ લાંબા સમય સુધી સેવા કરી હતી. તેમની સેવાથી પ્રસન્ન થઈ, ફકીરે તેમને અંતરથી આશિષ આપી કે તેઓ એક પ્રતાપશાળી પુત્રના પિતા થશે. એક દિવસ ફકીરે રવજીભાઈને સવારમાં બોલાવ્યા હતા. પણ થયું એવું કે તે દિવસે રવજીભાઈને ત્યાં મહેમાન આવ્યા એટલે તે મુશ્કેલીમાં મુકાયા. જો તેઓ મહેમાનોની આગતા–સ્વાગતા કર્યા પછી ફકીર પાસે જાય તો ઘણા મોડા પહોંચે અને એમને એમ જાય તો અતિથિધર્મનો ભંગ થાય. આથી છેવટે તેઓ ઠાકોર પાસે ગયા તો ધાર્યા કરતા વધારે મોડું થઈ ગયું. એટલે તેમને જોઈને ફકીર બોલ્યા કે :

*"रवजी तूम बहोत मोडा आया । अच्छा रेवजी, तेरेकु दो लड़का होयगा, एक बड़ा नाम निकालेगा ऐसा होगा । दूसरा भी ठीक अच्छा होगा । दोनु लड़का तुमरा और इनका बात अच्छा नाम निकालेगा । पण रवजी, तुम बहोत मोड़ा आया । वखत चला गया । इनका आयुष्य में केर पडेगा ऐसा मालूम होता है । रवजी, अब इस दुनिया से चला जाता हूँ, तुम अब तुमेरा घर पर जाओ । तेरा भला होगा ।"*[3]

આમ, રવજીભાઈ અને દેવબાઈ ખૂબ જ સેવાભાવી તથા ધાર્મિક દંપતી હતા. દેવબાઈ પણ ખૂબ જ સેવાભાવી સ્ત્રી હતા. તેઓ પોતાના સાસુ–સસરાની પણ ખૂબ જ સેવા કરતા હતા. મુશ્કેલીના સમયમાં પણ તેઓ પોતાના દાગીના મદદ માટે કાઢી આપતા. આથી તેમના સાસુ–સસરા દેવબાઈને દેવી તરીકે માનતા હતા અને પ્રસન્ન થઈને આશીર્વાદ આપતા જે તેમને કુખે મહાપ્રતાપી પુત્રો પાકે. એવી અંતરથી આશિષ વારંવાર આપતા.

આવા ભક્તિશીલ અને સેવાભાવી માતા–પિતાને ત્યાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો.

## ◈ જન્મ :

***“શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સૌરાષ્ટ્રના વવાણિયા ગામમાં વિ.સં.૧૯૨૪ની કાર્તિક પૂર્ણિમાને (તા.૯/૧૧/૧૮૬૭) રવિવારે રાત્રે બે વાગ્યે એટલે કે દેવદિવાળીના દિવસે થયો. આ દિવસે કાલિકાસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જન્મ દિવસ તરીકે અને શ્રી શત્રુંજયતીર્થની યાત્રાના પ્રારંભના પવિત્ર દિવસ તરીકે મહિમાવાન છે.”[૪]***

જૈનોમાં કાર્તિક પૂર્ણિમાનો મહિમા અપૂર્વ છે. પૂર્ણિમા એ પૂર્ણતા સૂચક છે. આત્માનું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરવાના ધ્યેયમાં પૂર્ણિમાનું મહત્ત્વ ઓછું નથી. મહાન તીર્થધિરાજ– શ્રી સિંધ્યાચળજીની યાત્રા પાલીતાણામાં અનેક ભાવિ જૈનો દૂર–દૂર દેશથી આવીને ખૂબ જ શ્રદ્ધાભાવથી યાત્રા કરે છે. વળી, શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીનો જન્મ પણ વિ.સં.૧૧૪૫ (ઈ.સ.૧૦૯૯)માં ગુજરેશ્વર કર્ણદેવના સમયમાં કાર્તિક પૂર્ણિમાને પવિત્ર દિવસે જ થયો હોવાથી અનેરો મહિમા છે.

શ્રીમદ્ રાજચંદ્રનું જન્મનું નામ લક્ષ્મીનંદન આપવામાં આવ્યું હતું. એટલે કે શ્રીમદ્ રામચંદ્રનું હુલામણું નામ ‘લક્ષ્મીનંદન’ હતું. પરંતુ પાછળથી સંવત ૧૯૨૮માં આ હુલામણું નામ બદલીને ‘રાયચંદ’ પાડવામાં આવ્યું. આગળ જતાં રાયચંદમાંથી રાજચંદ્ર નામ રાખ્યું અને રાજચંદ્ર નામથી જ તેઓ પ્રસિદ્ધ થયાં.

## ◈ ઉછેર :

શ્રીમદ્ રાજચંદ્રના દાદાજી શ્રીકૃષ્ણ ભક્ત હતા, જ્યારે શ્રીમદ્ રાજચંદ્રના માતુશ્રી દેવબાઈ જૈન સંસ્કારો લાવ્યા હતા. વવાણિયાના બીજા વણિક કુટુંબો પણ જૈનધર્મને અનુસરતા હતા. આ બધા સંસ્કારોનું મિશ્રણ કોઈ અજબ રીતે ગંગા–યમુનાના સંગમની જેમ બાળ રાજચંદ્રના હૃદયમાં રેલાતું હતું. શ્રીમદ્ રાજચંદ્ર બાવીસ વર્ષની વયે પોતાના બાળપણનું વર્ણન ‘સમુચ્ચયવયચર્યા’માં કર્યું છે. એમાં તેઓ લખે છે કે :

***"મારા પિતામહ કૃષ્ણભક્તિ કરતાં હતાં. તેમની પાસે તે વયમાં કૃષ્ણ–કીર્તનનાં પદો મેં સાંભળ્યા હતાં; તેમજ જુદા–જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા. જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી; અને રામદાસજીના નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી."***

'નિત્ય કૃષ્ણ દર્શન કરવા જતો. વખતો વખત કથાઓ સાંભળતો. વારંવાર અવતાર સંબંધી ચમત્કારોમાં હું મોહ પામતો, અને તેને પરમાત્મા માનતો, જેથી તેને રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી. તેના સંપ્રદાયના મહંત હોઈએ, સ્થળે–સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઈએ તો કેવી મજા પડે? એ જ વિકલ્પના થયા કરતી. તેમજ કોઈ વૈભવી ભૂમિકા જોતો કે સમર્થ વૈભવી થવાની ઈચ્છા થતી.

'જન્મભૂમિમાં કેટલાક વાણિયાઓ રહે છે. તે બધાની કુલશ્રદ્ધા ભિન્ન છતાં કોઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લાગતી હતી, એથી મને તે લોકોનો જ પનારો હતો, પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંક્તિ વિદ્યાર્થી લોકો મને ગણતા. તેથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મારી ચપળ શક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો, કંઠીને માટે વારંવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા, છતાં હું તેઓથી બાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો.

***'હળવે હળવે આ પ્રસંગ વધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચાર–વિચાર મને વૈષ્ણવના પ્રિય હતા. અને જગતકર્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તૂટી ગઈ. એટલે ફરીથી મેં બંધાવી નહિ. તે વેળા બાંધવા ન બાંધવાનું કારણ મેં શોધ્યું નહોતું."*** [૫]

શ્રીમદ્ રાજચંદ્રે સાત વર્ષની ઉંમર બાળવયે રમત–ગમતોમાં કાઢી હતી. પરંતુ તે વખતે પણ એમનો ઝોક આત્મોન્નતિ તરફ જ સહજપણે રહેતો હતો. શ્રીમદ્ રાજચંદ્રે એ અંગે 'સમુચ્ચયવયચર્યા'માં લખે છે કે,

*"સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમત–ગમત સેવી હતી. એટલું તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પના–કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર મારી આતમામાં થતી હતી. રમત–ગમતમાં પણ વિજય મેળવવાની અને સહજ રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની પરમ જિજ્ઞાસા હતી. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવા–પીવાની, સુવા–બેસવાની, બધી વિદેહી દશા હતી. છતાં હાડ ગરીબ હતું તે દશા હજુ બહુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મને મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં. એવી નિરપરાધી દશા હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે."* [૬]

આમ, શ્રીમદ્ રાજચંદ્રનું બાળપણ આનંદમાં વિત્યું હતું. શરૂઆતની તેર વર્ષ સુધીની ઉંમરમાં તેઓ જૈનધર્મના રંગમાં પૂરેપૂરાં રંગાઈ ગયા હતા. નાનપણથી જ વૈરાગ્યપ્રધાન એવું એમનું ચિત્ત ભોગપ્રધાન વૈષ્ણવ સંપ્રદાય કરતાં ત્યાગપ્રધાન જૈનધર્મ તરફ વધારે ખેંચાતું ગયું હતું. દાદા પંચાણભાઈ પ્રત્યે રાજચંદ્રને નૈસર્ગિક આકર્ષણ હતું. રાજચંદ્ર તેમની સાથે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા હરરોજ મંદિરે જતાં અને દાદા તેમને શ્રીકૃષ્ણની જુદી–જુદી ચમત્કારિક કથાઓ કહેતા. એ તેમને સાંભળવી બહુ ગમતી. આમ, શ્રીમદ્ રાજચંદ્રનો ઉછેર ખૂબજ ધાર્મિક સંસ્કારો સાથે થયો હતો.

### ◈ અભ્યાસ :

શ્રીમદ્ રાજચંદ્રજીએ સાત વર્ષની વયે પોતાના માતુશ્રીના આશીર્વાદ લઈને શાળામાં પ્રવેશ કર્યો હતો. શ્રીમદ્ રાજચંદ્ર સાત વર્ષના થયા પછી શાળામાં કેળવણી લેવા માટે બેસાડવામાં આવ્યા હતા. ત્યારે બાળ રાજચંદ્રની યાદશક્તિ એટલી તીવ્ર હતી કે કોઈ પાઠનું એકજ વખત વાંચન કરવાથી તેમને યાદ રહી જતું હતું. અહીં આપણને સ્વામી વિવેકાનંદજીની યાદશક્તિ યાદ અપાવે છે. કેમકે સ્વામી વિવેકાનંદ પણ કોઈ પુસ્તકનું પાનું એક વખત વાંચીને ફાડી નાખતાં, એટલી એમની એકાગ્રતા અને યાદશક્તિ તીવ્ર હતી. શ્રીમદ્ રાજચંદ્રની આ યાદશક્તિ વિશે ટૂંકમાં જોઈએ તો –

*“શ્રીમદ્‌ની એ યાદશક્તિને કારણે સામાન્ય બાળકોની પેઠે તેમને ઘેર ફરી વાંચી જવાની કાંઈ જરૂર પડતી નહોતી. તેથી બહારથી બીજાને શ્રીમદ્ અભ્યાસમાં પ્રમાદી લાગતા. પરંતુ શાળામાં શિખવાડતી વખતે શિક્ષક પાઠ વાંચી જાય તેટલાથી જ તેમને ચાલી જતું, પછી ઘેર વાંચવાની જરૂર જ શી ?*

*એ કારણથી એક માસ જેટલો સમય પણ થયો નહિ, એટલામાં તો શ્રીમદ્ આંક પૂરા કર્યા અને બે વર્ષ જેટલી મુદતમાં સાતે ચોપડી પૂરી કરી ! પરિણામે જે વડા વિદ્યાર્થીએ તેમને પહેલી ચોપડીની શરૂઆત કરાવેલી તેને પોતે સાતે ચોપડી પૂરી કરીને પહેલી ચોપડી પૂરી કરાવી!”*[૭]

શ્રીમદ્ રાજચંદ્ર પોતાની તીવ્ર યાદશક્તિને કારણે ઘણાં ઝડપથી અભ્યાસ પૂરો પણ કરી શકયા હતા. આવા પ્રખર બુદ્ધિશાળી અને પ્રેમાળ વિદ્યાર્થી શિક્ષકો તેમજ સહાધ્યાયીઓને પણ ખૂબજ વહાલા હતા. વર્ગની અંદર પણ શિક્ષક તો બેસી રહેતા અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાર્થીઓનું લેશનકાર્ય કરતા.

*“જે શિક્ષકે પહેલી ચોપડીની શરૂઆત કરાવેલી તેને પોતે તે જ ચોપડી પૂરી કરાવેલી.*

*તે શિક્ષક કહે છે કે : “રાજચંદ્ર અસાધારણ બુદ્ધિ ધરાવે છે. આવા તેજસ્વી વિદ્યાર્થીને મારે શું ભણાવવું?”*[૮]

શ્રીમદ્ રાજચંદ્ર પહેલેથી જ સ્વભાવે બહુ સરળ અને પ્રેમાળ હતા અને એટલે જ વિદ્યાર્થીઓને તેમના ઉપર કેટલો પ્રેમ હતો તેનું એક ઉદાહરણ જાણીતું છે.

*“એક વખત શ્રીમદ્‌ને શિક્ષકે ઠપકો આપ્યો, તેથી તેઓ બીજા દિવસે શાળાએ ન ગયા. બીજા વિદ્યાર્થીઓએ જાણ્યું કે – રાયચંદભાઈ શાળાએ ગયા નથી. તેથી તેઓ પણ શાળાએ ન જતાં રાયચંદભાઈ પાસે ગયા. શ્રીમદ્ તેમને લઈ ખેતરમાં ગયા અને ત્યાં ઝાડનાં છાંયા નીચે તેમને પાઠ શીખડાવવા લાગ્યા. શિક્ષકે*

*શાળામાં કોઈ વિદ્યાર્થીને ન જોયો, તેથી તેમ બનવાનું કારણ તેમણે વિચાર્યું. વિચારતાં તેમને આગલા દિવસે રાયચંદભાઈને આપેલો ઠપકો તેમને યાદ આવ્યો, તેથી તેઓ તેમની શોધમાં ખેતરમાં ગયા અને બધાને મનાવી શાળામાં લઈ આવ્યાં.''*[૯]

આમ, નાનપણથી જ શ્રીમદ્‌માં નવું જાણવાની, નવું સાંભળવાની તથા નવું શીખવાની અને તેના ઉપર મનન–ચિંતન કરવાની ભારે ટેવ હતી.

*''આઠમા વર્ષની ઉંમર દરમ્યાન શ્રીમદે ૫૦૦૦ કડીઓ રચેલી કહેવાય છે. નવ વર્ષની ઉંમરે તેમણે રામાયણ અને મહાભારત પદ્યમાં રચ્યાં હતાં.''*[૧૦]

આમ, શ્રીમદ્ રાજચંદ્રે દશ વર્ષની ઉંમરે તો તેમણે ઘણાં વિષયો ઉપર છટાદાર ને રસિક ભાષણો આપ્યા હતા અને અગિયાર વર્ષની વયેથી તેમણે ચોપાનિયામાં લેખો લખવા માંડ્યા હતા અને ઈનામી નિબંધો લખી યોગ્ય ઈનામો પણ મેળવ્યાં હતા. તે જ વર્ષે સ્ત્રીકેળવણીની ઉપયોગિતા વિશે પણ એક નિબંધ તેમણે લખ્યો હતો. અહીં આપણને નર્મદ અને ગાંધીજીની યાદ તાજી થાય છે. કેમકે તેમણે પણ સ્ત્રીકેળવણી ઉપર ભાર મૂક્યો હતો અને સ્ત્રીકેળવણીના પ્રચાર અર્થે સામયિકો પણ ચલાવ્યા હતા અને લેખો લખ્યાં હતા. એવી જ રીતે શ્રીમદ્ સ્ત્રીકેળવણી ઉપર પ્રભાવી નિબંધ લખી ઈનામો જીતતા હતા.

બાર વર્ષની ઉંમરે ત્રણ દિવસમાં તેમણે ઘડિયાળ ઉપર ત્રણસો કડીઓ લખી કાઢી હતી. તેર વર્ષની ઉંમરે શ્રીમદ્ અંગ્રેજીનો અભ્યાસ કરવા રાજકોટ ગયા હતા. પરંતુ અંગ્રેજીનો અભ્યાસ તેમણે કેટલો અને કયાં સુધી કર્યો તેની કંઈ માહિતી મળી શકતી નથી.

આમ, શ્રીમદ્ રાજચંદ્રનો અભ્યાસ ખૂબજ તેજસ્વી વિદ્યાથી તરીકે થયો હતો.

## ૧.૨ વ્યવસાય :

શ્રીમદ્ રાજચંદ્ર જ્યારે પ્રબળ આત્મચિંતન અને ગાઢ આત્મસ્થિતિની દશામાંથી પસાર થતા હતા એ સમય દરમિયાન જ તેમની વ્યાવહારિક ઉપાધિ પણ એટલી જ સજ્જડ બનતી જતી હતી. પોતાના ઉપર આવી પડેલા ઉપાધિના બીડાને, સાંપ્રત વ્યવહારોને નિષ્કામતાથી, વીતરાગપણાથી સ્વસ્થ, શાંત ચિત્તે અદા કરવાની લોકોત્તર અદ્ભુત અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી.

પોષ સુદ ૭, ૧૯૪૮ના રોજ લખેલા પત્રમાં શ્રીમદ્ જણાવે છે :

***"કોઈ એવા પ્રકારનો ઉદય છે કે અપૂર્વ વીતરાગના છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમજ બીજા પણ ખાવા–પીવા વગેરેમાં પ્રવર્તન માંડ–માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરીને અત્રે કોઈનો સમાગમ ઈચ્છતું નથી."*** [૧૧]

શ્રીમદ્ રાજચંદ્ર વ્યવસાય–ધંધામાં પુરી ઈમાનદારી અને નિષ્ઠાથી કામ કરતા હતા. ઉપરોક્ત ભૂમિકાને ખ્યાલમાં રાખી તેમના વ્યાવહારિક જીવન તરફ જોઈએ. તેર વર્ષ થયા પછી તેઓ પિતાની દુકાને બેસતા હતા. તે વિશે તેમણે 'સમુચ્ચયવયચર્યા'માં લખ્યું છે કે:

***"હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છ દરબારને ઉતારે મને લખવા બોલવે ત્યારે હું જતો. દુકાને મે નાના પ્રકારની લીલા લહેર કરી છે. અનેક પુસ્તકો વાંચ્યા છે; રામ ઈત્યાદિના ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઈને મેં ઓછો–અધિકો ભાવ કહ્યો નથી કે ઓછું–અધિકું તોળી દીધું નથી એ મને ચોક્કસ સાંભરે છે."*** [૧૨]

આમ, આટલી નાની ઉંમરે પણ વ્યવહારની નીતિધર્મ ઉપર ભાર મૂકવાની સ્વાભાવિકવૃત્તિ તેમનામાં હતી. તે ઉપરના અવતરણમાં જોઈ શકાય છે.

એકવીસમા વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર ઝવેરીના વ્યવસાયમાં જોડાયા હતા. ઘણાં ટૂંકા સમયમાં એક સારા અને વ્યવસ્થિત ઝવેરી તરીકેની નામના મેળવી હતી.

***"શ્રી રેવાશંકરભાઈ અને શ્રી માણેકલાલભાઈ સાથે ઝવેરાતના વેપારમાં તેઓ ભાગીદાર તરીકે જોડાયા. અને પેઢીના નાણાં વિષયક અને પરદેશ સાથેના વ્યાપારનાં નિયામકનું સ્થાન સંભાળ્યું. એમની નીતિમત્તા–પ્રામાણિકતાનું ધોરણ ઘણું ઉચ્ચ હતું અને ભાગીદારોને એમના વ્યાપાર કૌશલ્યથી ઘણો આર્થિક લાભ થતો. એ વરસમાં તો પેઢીનો વેપાર ફ્રાંસ, ઈંગ્લેન્ડ અને અરબસ્તાન સુધી વિસ્તાર પામ્યો."*** [૧૩]

વેપારકાર્ય દરમિયાન તેઓ ધાર્મિક પુસ્તકોનું વાંચન–મનન કરતા. અને ત્યારે તેમને મનમાં કોઈ વિચાર ઉદ્ભવતો તો તેની નોંધ કરી લેતા હતા. તેમણે ઝવેરાતની સાથે મોતીનો વેપાર પણ મુંબઈમાં શરૂ કર્યો હતો. શ્રીમદ્ મુંબઈમાં વેપારમાં જોડાયા; ત્યારથી ભાગીદારો સાથે કેમ વર્તવું, તેનો નિર્ણય તેમણે કરી રાખ્યો હતો. તેઓ સમગ્ર વેપારમાં સૌથી વિશ્વાસપાત્ર વેપારી તરીકે સાબિત થયા હતા. તેનું એક ઉદાહરણ જોઈએ –

***"એક આરબ વેપારી પોતાના નાનાભાઈ સાથે મુંબઈમાં મોતીનો આડતનો વેપાર કરતો હતો. નાનાભાઈને એક દિવસ વિચાર આવ્યો કે આજે આપણે પણ મોટાભાઈની જેમ મોતીનો વેપાર કરીએ. એટલે જે માલ પરદેશથી આવ્યો હતો; તેને લઈને તે બજારમાં ગયો. ત્યાં એક દલાલને તેમણે કહ્યું : "કોઈ પ્રામાણિક શેઠ મને બતાવ." એટલે દલાલે શ્રીમદ્ રાજચંદ્ર સાથે મુલાકાત કરાવી. શ્રીમદ્દે બધો માલ બરાબર જોઈને લઈ લીધો; અને વ્યાજબી રકમ ચૂકવી દીધી.***

***"પેલો નાનોભાઈ નાણાં લઈને ખુશ થતો પોતાના ઘરે ગ્યો. ઘેર જઈને આરબે મોટાભાઈને મોતીના વેપારની વાત કરી. એટલે તે ગુસ્સામાં બોલી ઊઠ્યા : "અલ્યા, આ તે શું કર્યું ? જે માણસનો માલ છે, તેની સૂચના પ્રમાણે અમુક કિંમત વગર એ માલ વેચવાનો નહોતો. અરે ! આપણે દેવાળું કાઢવું પડશે?***

***તે આરબ હાંફળો ફાંફળો શ્રીમદ્ પાસે દોડી ગયો અને પોતાની મુશ્કેલી કહી સંભળાવી. શ્રીમદ્દે કહ્યું : 'ભાઈ, આ રહ્યો તમારો માલ ખુશીથી લઈ જાવ. ચિંતા કરો નહિ."***[14]

ઉપરોક્ત ઉદાહરણ પરથી ખ્યાલ આવે છે કે શ્રીમદ્ રાજચંદ્ર વેપારી કામકાજમાં ઘણાં કુશળ હતા. માલ બરાબર કસીને લેતા, છતાં પ્રામાણિક પણ એવા જ હતા. કોઈને ખોટા નુકસાનમાં ઉતરવા દેતા નહિ અને નફા વિશેનો તેમનો ખ્યાલ પણ ચોક્કસ હતો. શ્રીમદ્ રાજચંદ્રમાં નાનપણથી જ કેટલીક શક્તિઓ ખીલી હતી અને એના લીધે તેની ખ્યાતિ પણ ઘણી થઈ હતી અને તેની એક બીજી મુશ્કેલી એ હતી કે તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી. એટલે તેઓ આર્થિક ઉદ્દેશથી મુંબઈ ગયા હતા.

માણેકલાલ ઘેલાભાઈ શ્રીમદ્ વિશે લખે છે કે :

***"અમારી ભાગીદારીનાં કેટલાંક વર્ષ તો સાહસિક વ્યાપારના ખેડાણમાં ગયેલા. અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહાર કુશળતા એવી ઉત્તમ હતી કે અમે વિલાયતના કેટલાક વેપારીઓ સાથે કામ પાડતા હતા. તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓને કાળેલિપત માટે પ્રશંસા કરતાં હતા. અમારા આ વ્યાપારની કૂંચીરૂપ ખરું કહીએ તો શ્રીમદ્ રાજચંદ્ર હતા."***[15]

શ્રીમદ્ રાજચંદ્ર ઝવેરાત, મોતી ઉપરાંત કાપડ, ચોખા વગેરેનો વેપાર પણ કરતા હતા. તેમની પેરિસ, ફ્રેન્ચ વગેરે દેશોમાં પણ પેઢીઓ હતી. તેઓ ઝવેરાત, મોતીના મુખ્ય ધંધામાં જેવી કાળજી રાખતા હતા એવી જ તકેદારી અને કાળજી અન્ય નાના–મોટા ધંધામાં પણ રાખતા હતા. ટૂંકમાં કહીએ તો વેપારની દરેક ચીજવસ્તુ ઉપર તેઓ સાવધાન હતા. તેઓ પોતાના વ્યવસાય પ્રત્યે ખૂબજ જાગૃત હતા. પોતે જયારે બહારગામ હોય ત્યારે માલની કોઈ લેવડ–દેવડ કરવાની હોય ત્યારે તેમના માણસોને પત્ર લખીને બધી વિગત સમજાવી દેતાં.

આમ, કોઈ પણ નાના–મોટાં વ્યવસાયમાં નાની–નાની બાબતોની ખૂબજ કાળજી રાખતા. એકપણ વસ્તુ તેમના લક્ષ્ય બહાર જતી નહિ. તેની ચોક્કસ કાળજી તેઓ રાખતા હતા. છેવટે તેમણે વિ.સં.૧૯૫૫ પછીથી વેપારમાંથી સર્વથા નિવૃત્ત સ્વીકારી હતી.

## ૧.૬ કૌટુંબિક જીવન :

શ્રીમદ્ રાજચંદ્રમાં નાનપણથી જ વૈરાગ્ય જોવા મળતો હતો. વીસ વર્ષ તેમણે અમુક જાહેર પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો હતો, છતાં કર્મોની કંઈક વિચિત્રતાને કારણે સર્વસંગ પરિત્યાગનો નિર્ણય નહોતા કરી શક્યા. આમ, છતાં સાંસારિક બાબતોમાં તેઓ ઘણાં ઉદાસીન રહેતા હતા. તેમનાં જેવા મૂળથી વિચારવાન, ઉત્તમ બુદ્ધિશાળી, અસાધારણ ક્ષમતાવાળા, આત્મનિષ્ઠ અને આધ્યાતિમક મહાપુરુષે લગ્નજીવનમાં પ્રવેશ કર્યો એ કઈ રીતે અને શા હેતુથી, તે જાણી શકાતું નથી. કારણકે આપણને શ્રીમદ્ રાજચંદ્રનાં કૌટુંબિક જીવન વિશે વધારે માહિતી મળતી નથી. પરંતુ જે કંઈ મળ્યું છે તેમણે જે કંઈ લખ્યું છે તેના ઉપરથી આપણે અમુક બાબતો જાણવા મળે છે.

લગ્ન પછી વિ.સં.૧૯૪૬ માહ માસમાં પોતાને લગતું સંસારનું સ્વરૂપ વર્ણવતાં તેમણે લખ્યું છે કે :

> ***"કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે."*** [૧૬]

અહીં એવું લાગે છે કે તેમણે જાણે કે આ હકીકત અને પ્રત્યક્ષ અનુભૂતિ મેળવવા માટે લગ્નજીવનનો સ્વીકાર કર્યો હોય. તેમણે લગ્નજીવન સ્વીકારવા બાબતે વિ.સં.૧૯૪૪ના પોષ વદ, ૧૦ના રોજ પોતાના બનેવીને મુંબઈથી પત્ર લખે છે કે :

*"લગ્નસંબંધી તેઓએ જે મિતિ નિશ્ચિત રાખી છે, તે વિશે તેઓનો આગ્રહ છે તો ભલે તે મિતિ નિશ્ચયરૂપ રહી.*

*લક્ષ્મી પર પ્રીતિ નહિ છતાં કોઈ પરાર્થિક કામમાં તે બહુ ઉપયોગી થઈ પડત એમ લાગવાથી મૌન ગ્રહી અહીં તે સંબંધી સત્સંગવડમાં હતો. જે સગવડનું ધારેલું પરિણામ આવવાનો બહુ વખત નહોતો. પણ એઓ ભાણીનું એક મહત્ત્વપણું ત્વરા કરાવે છે, જેથી તે સઘળું પડતું મૂકી વદ ૧૩ છે ૧૪ (પોષની) ને રોજ અહીંથી રવાના થાઉં છું."* [૧૭]

ઉપરોક્ત પત્ર પરથી ખ્યાલ આવે છે કે કોઈ કારણોસર અંતે લગ્નસંબંધ સ્વીકાર્ય કર્યો, પરંતુ કયા કારણોસર કર્યો તેનો ખ્યાલ નથી. પણ તેમને લગ્નજીવનમાં મરજી નહોતી એવું પણ નથી. અહીં સમજવું કઠિન લાગે છે.

અંતે પછી

*"શ્રીમદ્ વિ.સં.૧૯૪૪ના પોષ માસમાં વવાણિયા ગયા હતા. અને મહા સુદ બારશે તેઓ સ્વ. રેવાશંકર જગજીવન ઝવેરીના મોટાભાઈ પોપટભાઈના પુત્રી ઝબકબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા."* [૧૮]

આમ, શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા, પરંતુ સાથે–સાથે તેઓ આત્મમંથનમાંથી પણ પસાર થયા હતા. ત્યાગ, વૈરાગ્ય, નિર્લેપતા તેમનામાં પ્રબળપણે જાગ્રત થયાં હતા.

લગ્ન પછીના પોતાના અનુભવો થયા, પરિણામ સ્વરૂપે તેમને જે વિચારો ઉદ્ભવ્યા હતા. તે લગ્ન પછીના એકાદ વર્ષે વિ.સં.૧૯૪૫મા "સ્ત્રી સંબંધી મારા વિચાર" નામનાં લખેલા લેખમાં જણાવે છે કે :

*"અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું કે શુદ્ધજ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે, તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે.*

*સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર સિદ્ધ થયું કે શુદ્ધજ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે, તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે.*

*સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણિક દષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનું ચિહ્ન તે વિવેકથી દષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે–જે પદાર્થો ઉપર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમાં રહ્યાં છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી, એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદરૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચીતરાઈ રહી હસાવે છે કે શી આ ભૂલવણી ? ટૂંકમાં કહેવાનું કે તેમાં કાંઈ પણ સુખ નથી, અને સુખ હોય તો તેને અપરિચ્છેદરૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જણાશે."* [૧૯]

ઉપરોક્ત લેખ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓને સંસારસુખથી કંટાળો આવતો હતો. પરંતુ તેઓ એવું માનતા કે આ બધું પૂર્વકર્મ ફળને લીધે થાય છે. જેને ભોગવવું પડે. આ પરિસ્થિતિ તેમને સૌથી વધુ દુઃખ આપતી હતી. તેનાથી છુટવા તેઓ પુરુષાર્થ કરતા હતા. તેનું કર્મ જોર કરતું હોવાથી તેઓ છેક સુધી તેમાંથી છૂટી શકયા નહોતા. એટલે તેઓ મોટાભાગે મુંબઈમાં રહેતા હતા. કયારેક કયારેક પત્ની પાસે વવાણિયા આવતા. આમ, જોઈએ તો તેમનું ગૃહસ્થજીવન ટૂંકું હતું. તેઓ માનતા કે સંસારમાં રહીને પણ આત્મકલ્યાણ કરી શકાય છે. માત્ર સાચા મનનો પુરુષાર્થ જરૂરી છે.

શ્રીમદ્ રાજચંદ્રને સંતાનમાં બે પુત્ર તથા બે પુત્રી થયાં હતા. પ્રથમ પુત્ર છગનલાલનો જન્મ વિ.સં. ૧૯૪૬માં થયો હતો. *"તેમને શ્રીમદ્ છગનશાસ્ત્રી કહીને બોલાવતા. બાળપણથી જ તેમનું હૃદય ધર્મસંસ્કારથી રેલાયું હતું. ઓગણીસ વર્ષની તરુણ વયે તેમણે દેહ છોડ્યો."* [૨૦]

છગનભાઈમાં ધાર્મિક સંસ્કારો સારા પ્રમાણમાં હતા. પંદરમે વર્ષ તેઓ મેટ્રિકમાં આવ્યા, ત્યારે પેઢીના એક કેસ માટે તેઓ તેમના કાકા મનસુખભાઈ સાથે મુંબઈ આવ્યા હતા. ત્યાં તેમને બે–ત્રણ વર્ષ રહેવાનું થયું હતું. એ સમય દરમિયાન તેમણે ધાર્મિક અભ્યાસ કર્યો હતો. ઓગણીસમાં વર્ષે કાકા સાથે વેપાર શરૂ કર્યો હતો. પરંતુ ક્ષયનો જીવલેણ હુમલો થતાં એ વર્ષે તેમનો દેહાંત થયો હતો.

*"છગનભાઈ પછી તેમનાં બહેન જવલબહેનનો જન્મ વિ.સં.૧૯૪૮માં થયો હતો, અને તે પછી બે વર્ષે શ્રીમદ્‌નાં બીજા પુત્રી કાશીબહેનનો જન્મ થયો હતો. વિ.સં.૧૯૫૨માં શ્રીમદ્‌ના બીજા પુત્રનો જન્મ થયો હતો, તે પુત્ર તો બહુ નાની વયમાં મરણ પામ્યો હતો. શ્રીમદ્‌ના પરિવારમાં આજે ઈ.સ.૧૯૬૫માં – તેમનાં એક પુત્રી જવલબહેન હયાત છે.*

*શ્રીમદ્‌નાં બીજા પુત્રી કાશીબહેનનું પણ ૩૨ વર્ષની વયે અવસાન થયેલું. તેમને બે પુત્રો થયેલા અને બંને હયાત છે.*

*શ્રીમદ્‌ના પત્ની પણ શ્રીમદ્‌ના અવસાન પછી થોડાં જ વખતમાં પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. શેષકાળ તેમણે શ્રીમદ્‌ે કહેલી માળા ફેરવવામાં જ ગાળ્યો હતો."*[૨૧]

આમ, શ્રીમદ્ રાજચંદ્રનું કૌટુંબિક જીવન થોડું ઘણું દુ:ખદાયક રહ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર નાનપણથી જ વૈરાગ્યવાન હતા. છતાં કમને લગ્નસંબંધથી જોડાયા હતા. ત્યારપછી પણ તેમણે પોતાનાં પત્ની અને બાળકોને આધ્યાત્મિક રસ્તે વાળવા પ્રયત્ન કર્યો હતો. તેમના પુત્રનો ઉછેર ધાર્મિક સંસ્કારો આપીને કર્યો હતો. માટે તેમને પિતા માટે અપાર માન હતું. શ્રીમદ્ રાજચંદ્રના અવસાન પછી તેમનાં ધર્મપત્ની એ આધ્યાત્મિક રસ્તો અપનાવ્યો હતો. શ્રીમદ્‌ના દાદા તથા માતા–પિતા તરફથી પણ તેમને અદ્‌ભુત સંસ્કારો મળ્યા હતા. આટલી માહિતી મેળવ્યા પછી પણ તેમનાં કૌટુંબિક જીવન વિશે વધુ માહિતી મળતી નથી.

## ૧.૪ સ્નેહીઓના સંપર્કો :

જેમ દીવો પ્રકાશવા લાગે એટલે તેના તરફ પતંગિયા આકર્ષાય છે. તેવી જ રીતે શ્રીમદ્ રાજચંદ્રમાં સાચી ધર્મભક્તિનો ઉદય થતાં અનેક વ્યક્તિઓ તેમના તરફ ખેંચાવા લાગી. શ્રીમદ્માં ખીલેલાં આંતરિક ગુણોથી આકર્ષાયને કેટલીક મહત્ત્વની વ્યક્તિઓ તેમના વૈરાગ્ય તથા ધર્મભક્તિના રંગમાં રંગાઈ ગઈ હતી. કોઈ વ્યક્તિની સાચી મહત્તાની કસોટી કરવાનાં અનેક સાધનોમાંથી એક મુખ્ય સાધન, એ વ્યક્તિએ આસપાસનાં મનુષ્યો ઉપર કેટલી વ્યાપક અને ચિરંજીવી અસર પાડી છે. એ સર્વે વ્યક્તિનાં જીવનમાં ઓતપ્રોત બની ગઈ છે. આમ, શ્રીમદ્ રાજચંદ્રનો સાચો પરિચય મેળવવા, ઈચ્છનાર જિજ્ઞાસુઓ તેમનાં સંપર્કોમાં આવેલા. દરેક વ્યક્તિ તેમના પ્રત્યે કેવો ભક્તિભાવ રાખતા. તથા એ બધા જ વ્યક્તિજીવન પર શ્રીમદ્ રાજચંદ્રની કેવી અસર પડી હતી તે અહીં જાણવું આવશ્યક છે.

### ◈ ગાંધીજી :

ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ માને છે, એવા શ્રીમદ્ રાજચંદ્રની અસર તેમના જીવનમાં પ્રબળ થઈ હતી. ગાંધીજી તેમના ગુણો અને ભક્તિથી ખૂબજ આકર્ષાયા હતા. ગાંધીજી જ્યારે વિદેશમાં ગયા ત્યારે ધર્મપરિવર્તન કરવાનું વિચારતા હતા. પરંતુ તેમને શ્રીમદ્ રાજચંદ્ર જેવા ગુરુની સાચી સૂઝ તેમજ માર્ગદર્શન મળતા તેઓ અટકી ગયા હતા. શ્રીમદ્ રાજચંદ્ર ગાંધીજીની દરેક મુશ્કેલીનું સમાધાન કરાવતા હતા અને ગાંધીજી પણ તેમના માર્ગદર્શન પ્રમાણે જીવન જીવતા હતા. શ્રીમદ્ રાજચંદ્ર સાથે ગાંધીજીનો પરિચય કેવી રીતે થયો હતો તે હવે જાણીએ.

***"ઈ.સ.૧૮૯૧ના જુલાઈ માસમાં ગાંધીજી જ્યારે વિલાયતથી (વકીલાત) (બેરિસ્ટર) થઈને હિંદ પાછા ફર્યા. ત્યારે મુંબઈમાં તેમનો ઉતારો શ્રીમદ્ના કાકાસસરા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. શ્રીમદ્ એ ડૉ.પ્રાણજીવનદાસના વડીલ બંધુશ્રી પોપટલાલભાઈના જમાઈ થયા. ડૉ. પ્રાણજીવનદાસભાઈએ***

***શ્રીમદ્‌ની સાથે ગાંધીજીની ઓળખાણ કરાવી અને કહ્યું : 'તેઓ જ્ઞાતી છે અને શતાવધાની છે."*** [૨૨]

આમ, મુંબઈમાં શ્રીમદ્‌નાં અંગત સગા તથા એમની પેઢીના ભાગીદાર રેવાશંકર મહેતાના ભાઈ ડૉ. પ્રાણજીવનનાં ઘેર શ્રીમદ્ સાથે ગાંધીજીનો પ્રથમ પરિચય થયો હતો. પછી તો તેમનો આ સંબંધ શ્રીમદ્ રાજચંદ્રના અવસાન સુધી રહ્યો હતો. અને ગાંધીજી તેમનાં ગુણોથી વિશેષ આકર્ષાયા હતા. તેઓને હંમેશા સત્ય, અહિંસા વગેરે વિશેની પ્રેરણા તેમને શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી મળતી.

ગાંધીજી જ્યારે વિલાયતથી પાછા આવ્યા ત્યારે તેમને પોતાની માતાને મળવાની પરમ જિજ્ઞાસા હતી. પરંતુ એ સમય દરમિયાન તેમની માતાજીનું અવસાન થયેલું હતું. પણ એ વાતથી ગાંધીજી અજાણ હતા. ત્યારે શ્રીમદ્દે માતાના અવસાનનાં સમાચાર આપ્યા હતા. કેમકે ત્યારે દુઃખદ સમાચાર કોઈ વડીલ વ્યક્તિ આપે તેવો રિવાજ હતો. ગાંધીજી કરતાં શ્રીમદ્ ઉંમરમાં પોણા બે વર્ષ મોટા હતા.

ગાંધીજી ઉપર હંમેશા ત્રણ વ્યક્તિની ઊંડી છાપ પડી હતી. ટૉલ્સટોય, રસ્કિન, શ્રીમદ્ રાજચંદ્ર. પરંતુ સૌથી વિશેષ છાપ શ્રીમદ્‌ની હતી. તેમણે પોતાના જીવનમાંથી ઘણું શીખ્યું હતું અને ગ્રહણ પણ કર્યું હતું.

***"એ સમયે શ્રીમદ્ રાજચંદ્રની શતાવધાની તરીકેની ખ્યાતિ હતી. ઈ.સ.૧૮૮૭ની ૨૨મી જાન્યુ. સાંજના ૧૯ વર્ષની ઉંમરના શ્રીમદ્ રાજચંદ્રએ મુંબઈની ફરામજી કાવસજી ઈન્સ્ટિટયૂટમાં સતાવધાનના પ્રયોગો કરીને પોતાની અદ્‌ભુત શક્તિનો પરિચય કરાવ્યો."*** [૨૩]

ત્યાં શ્રીમદ્ કોઈપણ ભાષાનાં શબ્દો એ જ ક્રમમાં બોલી દેતા. આ જોઈને ગાંધીજીને આશ્ચર્ય થયું. ત્યારે ગાંધીજી વિદેશથી પાછા આવ્યા હોવાથી જુદી–જુદી ભાષાનું તેમને સારું

એવું જ્ઞાન હતું. એટલે એમણે અમુક શબ્દો લખ્યાં અને શ્રીમદ્‌ને વાંચી સંભળાવ્યાં. પછી એ જ શબ્દો શ્રીમદ્ એ જ ક્રમમાં કહી દીધા ત્યારે ગાંધીજી ચકિત્ત થઈ ગયા.

આ પ્રસંગથી ગાંધીજીને એ વાતનો ખ્યાલ આવ્યો કે સ્મરણશક્તિ શાળામાં નથી વેંચાતી. જો ઈચ્છા હોય તો જ્ઞાન પણ શાળાની બહાર મળે છે. ગાંધીજીને તો પ્રથમ મુલાકાતથી સમજાય ગયું હતું કે શ્રીમદ્ નિર્મળ ચારિત્ર્યશીલ અને સાચા જ્ઞાની છે.

પ્રથમ તો શ્રીમદ્ સાથે ગાંધીજીની આધ્યાત્મિક સ્થિતિ ફકત જિજ્ઞાસુની હતી. કારણ કે તેમનાં મનમાં હંમેશા વિદ્યા રહેતી કે કયો ધર્મ પાળવો જોઈએ. ત્યારે તેમણે ખ્રિસ્તી, ઈસ્લામ, હિંદુ વગેરે ધર્મનું અવલોકન કર્યું હતું. છતાં કોઈ નિર્ણય નહોતા લઈ શકયા. ત્યારે શ્રીમદ્ સાથે પત્ર વ્યવહાર કરીને પોતાના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. કેમકે ગાંધીજીનાં જીવનમાં શ્રીમદ્ મુખ્ય હતા. તેમજ તેમના પર અતૂટ વિશ્વાસ પણ હતો. ધર્મ અંગે શ્રીમદ્દે ગાંધીજીને અમુક શાસ્ત્રોનું વાંચન કરવા જણાવ્યું હતું. તે ગાંધીજીએ પણ તેમના માર્ગદર્શન અનુસાર ચાલવાનો પ્રયત્ન કર્યો હતો. અને છેવટે હિંદુધર્મ વિશેની શંકાઓનું સમાધાન થયું અને તેમને શાંતિ થઈ.

આમ, ગાંધીજીના જીવનનું પ્રેરકબળ અધ્યાત્મ છે અને આ આધ્યાત્મિકતાનાં ઉઘાડમાં ગાંધીજીની ધર્મશ્રદ્ધાને દઢ કરનાર શ્રીમદ્ રાજચંદ્ર હતા. એમનાં આધ્યાત્મિક અને ચારિત્ર્યશીલ જીવનમાંથી પ્રેરણા લઈને ગાંધીજીએ ૩૫ વર્ષ બ્રહ્મચર્યનું વ્રત લીધું હતું અને પોતે સમગ્ર જીવન દરમિયાન સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અપનાવ્યાં હતા.

## ◈ ધારશીભાઈ કુશળચંદ સંઘવી :

શ્રીમદ્ દશ વર્ષના હતા ત્યારે એક વખત મોરબી ગયા અને પાછા રાજકોટ જવાના હતા ત્યારે મોરબીના તેમના ભાઈઓએ એક સારો સથવારો મળે તે માટે તપાસ કરતાં ધારશીભાઈ મળ્યા. ધારશીભાઈ તે વખતે મોરબીના ન્યાયધીશ હતા અને તે રાજકોટ જવાના હતા. એટલે શ્રીમદ્ રાજચંદ્ર (રાયચંદભાઈ)ને સાથે રાજકોટ તેડી જવાની

જવાબદારી લીધી અને એ સમય દરમ્યાન તેઓની બંનેની મુલાકાત થઈ. તેઓ બંને ટ્રેનમાં રાજકોટ જતી વખતે રસ્તામાં બંને વચ્ચે જે વાત–ચીત થઈ એ વાતો સાંભળીને ધારશીભાઈએ આશ્ચર્ય થયું કે આટલો નાની ઉંમરનો છોકરો આવી પીઢ માણસની જેમ વાતો કરે ? અને એમની વાત કરવાની ડહાપણ, તેમની બુદ્ધિ અને હોંશિયારી જોઈને ધારશીભાઈ તેમનાં તરફ આકર્ષાયા હતા. એટલે ધારસીભાઈએ રાજકોટમાં પોતાની સાથે રહેવા જણાવ્યું. પરંતુ શ્રીમદે પોતાના મોસાળમાં જ રહેવાની ઈચ્છા રાખી. પછી ધારસીભાઈનો ખૂબજ આગ્રહ જોઈને તેમને કયારેક–કયારેક મળવાનું વચન આપી તેઓ મામાના ઘરે ગયા.

રાજકોટ પહોંચીને મામાને ઘેર ગયા એટલે મામાએ પૂછ્યું : 'તમે કોની સાથે આવ્યા?' એટલે શ્રીમદે કહ્યું : 'ધારસીભાઈ સાથે આવ્યો છું.' આ સાંભળીને તેમના મામા ધારસીભાઈને ઠેકાણે કરવાનું કાવતરું ગોઠવવા લાગ્યા. એ બધી જ વાતો શ્રીમદ્ જમતાં–જમતાં સાંભળી લીધી. ત્યારે તેમને સમજાયું કે આ લોકો તો ધારસીભાઈને મારી નાખવાની યોજના કરે છે. એટલે તેમને વિચાર આવ્યો કે ધારસીભાઈ મને સાથે લઈ આવ્યા એ એમનો ઉપકાર છે. એટલે મારે તેમને આ બાબત જણાવવી જોઈએ એટલે તેઓ દોડતાં–દોડતાં ધારસીભાઈને ઘેર ગયા.

અને ત્યાં જઈને ''ધારસીભાઈને પૂછ્યું :

***''તમારે મારા મામા સાથે કંઈ દુશ્મનવટ છે ?***

***ધારસીભાઈએ કહ્યું : 'હા, રાજસંબંધી ખટપટ ચાલે છે. પણ તમે શા માટે પ્રશ્ન કર્યો?***

***શ્રીમદ્ બોલ્યા : 'મારા મામા તમને ઠેકાણે કરી દેવાની વાત કરતા હતા. તે મેં સાંભળી. તેથી તમને ચેતવવા આવ્યો છું.''*** [૨૪]

આ સાંભળીને ધારસીભાઈએ મનમાં વિચાર આવ્યો કે આ છોકરો કેવી સમજણ અને મોટા માણસો જેવી બુદ્ધિ ધરાવે છે. ખરેખર હું ભાગ્યશાળી છું કે મને આવા બાળ મહાત્માનો પરિચય થયો. આમ, આવી શ્રીમદ્‌ની ઉપકારબુદ્ધિ જોતાં તેમને તેમનાં પ્રત્યે અપાર માન થયું અને પોતાને આવા મહાભાગ્યશાળી બાળકનાં મિલનથી પોતાની જાતને ધન્ય ગણતાં હતા.

## ◈ હેમરાજભાઈ તથા માલસીભાઈ :

શ્રીમદ્‌ની જ્યારે ધારસીભાઈ સાથે સંપર્ક થયો એ સમય દરમિયાન એવું બન્યું કે કચ્છ કોયડાનાં રહેવાસી હેમરાજભાઈ તથા નલિયાનાં રહેવાસી માલસીભાઈ શ્રીમદ્‌ને મળવા વવાણિયા સાંઢણી લઈને રવાના થયા. તેમણે રાજચંદ્રની અદ્‌ભુત શક્તિ વિશે સાંભળ્યું હતું. એટલે તેમને મળવાની અને જોવાની ખૂબજ ઉત્સુકતા હતી. એટલે તેઓ વવાણિયા ગયા. ત્યાં તપાસ કરતાં ખબર પડી કે તેઓ મોરબી ગયા છે. એટલે તેઓ મોરબી ગયા. પરંતુ ત્યાંથી સમાચાર મળ્યા કે તેઓ રાજકોટમાં છે. એટલે પછી તે બંને જણાએ રાજકોટ જવાનું નક્કી કર્યું. તેમનો મળવાનો એકજ ઉદ્દેશ હતો કે શ્રીમદ્‌ને ભણવા માટે કાશી મોકલે. કેમકે શ્રીમદ્‌ની તેજસ્વી તરીકે જે ખ્યાતિ હતી તે જોઈને તેઓ ઈચ્છતા હતા કે તેઓ વધારે હોંશિયાર અને તેજસ્વી બને.

શ્રીમદ્ તે વખતે રાજકોટ ધારસીભાઈને ત્યાં હતા. એમને તરત જ ખબર પડી ગઈ કે બંને જણ મને મળવા માટે આવે છે એટલે તેમણે તરત જ ધારસીભાઈને કહ્યું કે :

***"બે ભાઈઓ મને મળવા માટે કચ્છથી આવી રહ્યા છે. તેમનો ઉતારો તમારે ત્યાં રાખશો?***

***ધારસીભાઈએ કહ્યું : હા, ખુશીથી રાખો.***

***શ્રીમદ્ : ઠીક ત્યારે, હું તેઓના આવવાના માર્ગ સામે જાઉં છું.***

*તેઓ બંને જણ સાવ નજીક આવ્યા એટલે શ્રીમદ્દે તેમના નામ લઈને બોલાવ્યા કે :*

*'કેમ, હેમરાજભાઈ ! કેમ, માલસીભાઈ ! કેમ છો ?'*

*તે બંને ભાઈઓને વિચાર આવ્યો કે આપણે અહીં આવીએ છીએ તેનાં સમાચાર આપણે કોઈને આપ્યા નથી. તો આ આપણને નામ લઈને કેવી રીતે ઓળખી શકે ? એટલે તેમણે શ્રીમદ્‌ને પૂછ્યું : "તમે રાજચંદ્ર છો ? અમે આવી રહ્યા હતા. તે તમે કમે જાણ્યું ? અમે આવી રહ્યા છીએ એમ અમે કોઈને જણાવ્યું નથી!"*

*શ્રીમદ્ : 'આત્માની અનંત શક્તિઓ છે, તે વડે અમે જાણીએ છીએ?"*[૨૫]

ત્યારપછી તેઓ ધારસીભાઈનાં ઘરે ગયા. ત્યાં બધી સગવડ કરાવી. ત્યારે બંને જણાને તેમની શક્તિનો સાચો પરિચય થયો અને એમને થયું કે આવી દિવ્ય શક્તિ ધરાવનાર વ્યક્તિને શું કાશી ભણાવવાની જરૂર છે. આમ, એ હેમરાજભાઈ તથા માલસીભાઈ શ્રીમદ્‌ના પરિચયમાં આવ્યા હતા.

## ◈ મનસુખભાઈ કિરતચંદ :

*"મોરબીના રહીશ શ્રી કિરતચંદભાઈના પુત્ર શ્રી મનસુખભાઈ શ્રીમદ્‌થી લગભગ આઠ–દસ વર્ષ નાના હતા. તેઓ લગભગ વિ.સં.૧૯૫૦ની સાલથી શ્રીમદ્‌ના પરિચયમાં આવ્યા હતા, પણ તેમને શ્રીમદ્‌ની જ્ઞાની તરીકેની ઓળખાણ તો લગભગ વિ.સં.૧૯૫૫ની સાલથી થઈ. તે પછી તેમનો શ્રીમદ્ માટેનો પૂજ્યભાવ વધતો ગયો હતો. પણ વિ.સં.૧૯૫૭માં શ્રીમદ્‌નો દેહાંત થતાં મનસુખભાઈને તેમનો પ્રત્યક્ષ સત્સંગ બહુ ઓછા વર્ષો રહ્યો હતો. શ્રીમદ્‌ના અવસાન પછી તેમના સાહિત્યના સંશોધનનું કામ કરવામાં મનસુખભાઈએ પણ સાચો પરિશ્રમ લીધો હતો. તે બધામાં મનસુખભાઈનો શ્રીમદ્ પ્રત્યનો પૂજ્યભાવ વ્યક્ત થાય છે."*[૨૬]

## ◈ જુઠાભાઈ ઉજમશીભાઈ :

***"વિ.સં.૧૯૪૪માં 'મોક્ષમાળા'ના કામ અંગે શ્રીમદ્ અમદાવાદ આવ્યા ત્યારે તેમને પોતાનાથી એક વર્ષ મોટા શ્રી જુઠાભાઈનો પરિચય થયો."*** [૨૭]

'મોક્ષમાળા' છાપવા બાબતમાં સલાહ તેમજ મદદ માટે તેઓ તેમના એક સ્નેહીના ભલામણપાત્ર શેઠ જેસિંગભાઈ ઉજમસીભાઈ ઉપર લઈ આવ્યા. તેમણે શ્રીમદ્‌ને સહાય કરી હતી. એ સમય દરમિયાન શ્રીમદ્‌ને અમદાવાદમાં થોડું રોકાવાનું થતું. જેસિંગભાઈને વ્યવસાય અંગે અવારનવાર બહારગામ જવાનું થતું. એટલે તેમની ગેરહાજરીમાં શ્રીમદ્‌ની દેખરેખ માટે પોતાના નાનાભાઈ જુઠાભાઈને રાખ્યા હતા. આમ, આ રીતે જુઠાભાઈ શ્રીમદ્ રાજચંદ્રના સંપર્કમાં આવ્યા.

શ્રીમદ્ ઘણીવાર જુઠાભાઈની દુકાને બેસતા. ત્યાં બીજાની વાતો કહી બતાવવાના પ્રયોગો કરતા હતા. આ સમય દરમ્યાન તેમનો પરિચય બન્યો કારણ કે—

***"જુઠાભાઈ, "પૂર્વના સંસ્કારી હોવાથી શ્રી જુઠાભાઈને શ્રીમદ્ રાજચંદ્રમાં દિવ્ય જ્ઞાની પુરુષના દર્શન થયાં અને તેઓ એના અનન્ય ભક્ત બન્યા."*** [૨૮]

શ્રીમદ્ મોટા વિદ્વાન છે એમ જુઠાભાઈને લાગતું પણ જુઠાભાઈને તે વખતે આત્મકલ્યાણની ભૂખ લાગી નહિ. તેથી તેમને શ્રીમદ્‌ની ઊંડી ઓળખાણ થઈ નહોતી. એ સમય દરમિયાન શેઠ દલપતભાઈ ભગુભાઈને વંડે શ્રીમદ્ અવધાનના પ્રયોગો પણ કરી બતાવ્યા હતા. આ પ્રસંગ જોયા પછી જુઠાભાઈ તેમનાં પ્રત્યે આકર્ષાયા હતા. ત્યાર પછી તો તેઓ શ્રીમદ્‌ની દેખરેખ ખૂબજ કાળજીપૂર્વક કરવા માંડ્યા હતા. તેમની સરભરામાં વધારેમાં વધારે સમય વ્યતીત કરવા લાગ્યા, ત્યાર પછી ધીમે ધીમે તેમનો પરિચય ગાઢ બનતો ગયો હતો. અને ત્યારે જ શ્રીમદ્‌ની શક્તિની સાચી મહત્તા તેમને સમજાઈ હતી.

પછી જુઠાભાઈ શ્રીમદ્ રાજચંદ્ર સાથે મોરબીમાં દોઢ બે મહિના રહ્યા હતા અને એક વખત તેમની સાથે ભરૂચ પણ ગયા હતા અને ધર્મની બાબતોમાં તેમની વચ્ચે પત્ર–વ્યહાર થતો રહેતો હતો.

## ◈ શ્રી અંબાલાલભાઈ લાલચંદભાઈ :

ખંભાતના રહેવાસી અંબાલાલભાઈનો શ્રીમદ્ સાથેનો પરિચય આમ તો જુઠાભાઈ દ્વારા થયો હતો. ખંભાતથી એકવાર અંબાલાલભાઈ અને અન્ય ભાઈઓ કોઈ લગ્નપ્રસંગે અમદાવાદ આવ્યા હતા. ત્યારે જુઠાભાઈને મળ્યા. બધી સરખી ઉંમરના હોવાથી તે સમય દરમ્યાન વરઘોડો જોવા જઈએ. પણ તેમણે કંઈ ઈચ્છા બતાવી નહિ અને શ્રીમદ્ વિશે વાત કરવાનો વિચાર આવ્યો એટલે જુઠાભાઈએ શ્રીમદ્નાં તેમના ઉપર આવેલા પત્રો બતાવ્યા. એટલે અંબાલાલભાઈને શ્રીમદ્ને મળવાની ખૂબજ ઈચ્છા થઈ. પણ ત્યારે જુઠાભાઈએ તેમને રોકયા. અને કહ્યું : 'આપણે મળવા માટે પહેલા પરવાનગી લેવી પડશે.' એટલે તેમણે મળવા માટે શ્રીમદ્ને પત્ર લખ્યો. પાંચ–છ પત્ર લખ્યા પછી શ્રીમદ્દે મળવાની હા પાડી. ત્યારે ત્રિભોવનભાઈ સાથે અંબાલાલભાઈ મુંબઈ ગયા અને શ્રીમદ્ને મળ્યા.

શ્રી અંબાલાલભાઈ આમ તો ઉંમરમાં શ્રીમદ્ રાજચંદ્ર જેવડા જ હતા.

> ***"સં.૧૯૪૬ના સમાગમ પછી તેમનું જીવન શ્રીમદ્મય બની ગયું હતું. શ્રીમદ્ સાથે તેમનો પત્ર–વ્યવહાર નિરંતર ચાલુ રહ્યો હતો. શ્રીમદ્ના ઉપદેશ અનુસાર તેમણે પોતાનો સમય ગાળી; જીવનને શ્રેયમાર્ગે વાળ્યું હતું. દરેક બાબત તે શ્રીમદ્ને પૂછાવીને જેમ આજ્ઞા મળે તેમ કરતા. એ રીતે થોડા જ વખતમાં અંબાલાલભાઈ શ્રીમદ્ના એક અંતેવાસી જેવા બની ગયા."***[૨૯]

આમ, પછી તો શ્રીમદ્ જ્યારે–જ્યારે ગુજરાતમાં આવતા ત્યારે અંબાલાલભાઈ તેમની દેખરેખ રાખતા, તેમને કામમાં મદદરૂપ બનતાં, તેમના અક્ષર સારાં થતા હતા.

એટલે શ્રીમદ્‌ના પત્રોની નકલ ઉતારવાનું કામ કરતા તથા તેમની પણ સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. માટે તેઓ શ્રીમદ્ રાજચંદ્રના સૌથી પ્રિય વ્યક્તિ બન્યા હતા.

## ૧.૫ અધ્યાત્મલક્ષી મહાનુભાવોનાં સંપર્કો :

### ◈ શ્રી લલ્લુજી મહારાજ :

લલ્લુજી મહારાજને પાંડુરોગ થયો હતો. એટલા માટે તેમણે એક બાધા રાખી હતી કે 'જો રોગ મટે તો દીક્ષા લેવી.' પછી તેમણે પોતાનાં ભત્રીજા દેવકરણજી સાથે સં.૧૯૪૦માં ખંભાતમાં શ્રી હરખચંદજી મુનિના હાથે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી છ વર્ષ અંબાલાલભાઈ દ્વારા શ્રીમદ્ રાજચંદ્રના પરિચયમાં આવ્યા હતા. હવે વિસ્તારથી જોઈએ તો–

> ***"મુનિશ્રી લલ્લુજી મહારાજ શ્રી દામોદરભાઈ સાથે 'ભગવતી સૂત્ર'ની ચર્ચા કરતા ત્યારે ભવસ્થિતિની વાત વાંચતા શ્રી લલ્લુજી મહારાજને પ્રશ્ન થયો કે આમા કહ્યું કે, 'ભવસ્થિતિ' પાકે ત્યારે મોક્ષ થાય છે.'***
>
> ***જો એમ હોય તો આ સાધુપણું લઈને છાયાકલેશ તપ વગેરે કરવાની શી જરૂર?***
>
> ***એવામાં લલ્લુજી મહારાજની દૃષ્ટિ અંબાલાલ વિગેરે પત્રો વાંચતા તે તરફ પડી. અંબાલાલભાઈ અને એમના મિત્રો શ્રી લલ્લુજી મહારાજ પાસે જઈને બેઠા. તેઓ બધાએ 'ભવસ્થિતિ'ના પ્રશ્નોની ચર્ચા કરી પણ સમાધાન થયું નહીં, એટલે અંબાલાલભાઈએ શ્રીમદ્ રાજચંદ્રની વાત સંભળાવી અને કહ્યું કે : 'હું સર્વ આગમના જ્ઞાતા એવા પુરુષને વિશે જાણું છું. જેઓ ગહન પ્રશ્નોનું સમાધાન કરી શકે છે. તેઓશ્રીનું નામ શ્રીમદ્ રાજચંદ્ર છે' અને પોતે જે પત્રો વાંચતા તે બધા પત્રો મુનિને બતાવ્યા અને મુનિશ્રી વાંચી ગયા. પછી મુનિના પ્રતિભાવ મુનિઃ તત્ત્વજ્ઞાન સંબંધી આટલી ઊંડી વિચારણા મેં કયાંય વાંચી નથી. મને મૂંઝવતા અનેક પ્રશ્નોનું***

***સમાધાન તેઓશ્રી કરી શકશે. એવો મને વિશ્વાસ પ્રગટયો છે. હું તેમના મેળાપને ઝંખી રહ્યો છું.”*** [30]

લલ્લુજી મહારાજ શ્રીમદ્ રાજચંદ્રથી ઉંમરમાં ચૌદ વર્ષ મોટા હતા. પણ પ્રથમ મુલાકાત દરમિયાન તેમને શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે પૂજયભાવ પ્રગટયો હતો. તેથી તેમણે સાષ્ટાંગ દંડવત્ ત્રણ વખત નમસ્કાર કર્યા હતા. કેમકે તેઓ શ્રીમદ્ રાજચંદ્રને ઉત્તમ પુરુષ માનતા હતા. પછીથી તેમણે શ્રીમદ્ રાજચંદ્રને પોતાના ગુરુ બનાવ્યા હતા. આથી જૈન સમાજમાં તેમના વિશે ભારે વિરોધ થયો હતો. ત્યાર પછી પણ લલ્લુજી મહારાજને જીવનમાં જેમ–જેમ મુશ્કેલી વધતી ગઈ તેમ–તેમ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે તેમની શ્રદ્ધા–ભક્તિ વધારે પ્રબળ બનતી ગઈ હતી.

પછી છેવટ સુધી લલ્લુજી મહારાજનું જીવન પણ શ્રીમદ્મય બની ગયું હતું. શ્રીમદ્ રાજચંદ્રના ઉપદેશથી તેમણે પણ સમ્યક્જ્ઞાન થયું હતું. શ્રીમદ્ રાજચંદ્રના અવસાન પછી પણ તેમણે લોકોને શ્રીમદ્ રાજચંદ્રની સાચી ઓળખાણ કરાવવા વખત ગાળ્યો હતો. આમ, આધ્યાત્મિક વલણ ધરાવનાર લલ્લુજી મહારાજ પણ શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં આવ્યા હતા.

## ◈ સોભાગભાઈ લલ્લુભાઈ :

શ્રી સોભાગભાઈ પણ સં.૧૯૪૬માં શ્રીમદ્ રાજચંદ્રના પરિચયમાં આવ્યા હતા.

***“જૈન સાધુએ સાયલાના શ્રી લલ્લુજીભાઈને – ‘બીજજ્ઞાન’ બતાવેલ જે તેમના પુત્ર સોભાગભાઈને આપેલ. શ્રી સોભાગભાઈને અંતઃસ્ફુરણા થઈ અને ઈ.સ.૧૮૯૦માં શ્રીમદ્દને ‘બીજજ્ઞાન’ બતાવવા સાયલાથી મોરબી આવ્યા.”*** [31]

આમ, જે ‘બીજજ્ઞાન’નો મંત્ર બતાવવા ગયેલા સોભાગભાઈ ખુદ શ્રીમદ્ રાજચંદ્રની શક્તિથી પ્રભાવિત થઈ ગયા. સોભાગભાઈ ઉંમરમાં શ્રીમદ્ રાજચંદ્ર કરતાં ૪૪ વર્ષ મોટા હતા છતાં તેમને જ્ઞાની તરીકે ત્રણ નમસ્કાર કર્યા હતા. ત્યારે શ્રીમદે તેમની સામે જોયા વિના

'અવો : સોભાગભાઈ' કહી બોલાવ્યા હતા ત્યારે સોભાગભાઈને નવાઈ લાગી મને ઓળખતા પણ નથી અને મારું નામ લઈને શી રીતે બોલાવ્યા ?'

પછી તેનાં જ્ઞાનની વધારે ચકાસણી કરવાં તેમણે શ્રીમદ્‌ને પૂછ્યું કે : 'અમારા ઘરનું બારણું કઈ દિશામાં છે ?' ત્યારે શ્રીમદ્દે સાચો ઉત્તર આપ્યો કે : 'ઉત્તર દિશામાં' ઉપરોક્ત લખાણ 'સચિત્ર જીવનકથા શ્રીમદ્ રાજચંદ્ર'નાં આધારે લખ્યું છે.

આમ, શ્રીમદ્ રાજચંદ્ર પણ સોભાગભાઈ પ્રત્યે આકર્ષાયા હતા. બંને વચ્ચે ગાઢ સંબંધ હતો અને એકબીજાના ઉપકારી તથા માર્ગદર્શક રહ્યા હતા. સોભાગભાઈની છેલ્લી અવસ્થામાં શ્રીમદ્ રાજચંદ્ર તેમને ઈડરના પહાડોમાં લઈ ગયા અને ત્યાં પરમાર્થ બોધ આપ્યો અને પછી થોડાં સમયમાં સોભાગભાઈનું અવસાન થયું હતું.

## ◈ મુનિશ્રી દેવકરણજી :

શ્રી લલ્લુજી સ્વામી વિહાર કરતાં કરતાં સુરત ગયેલા. તેમની સાથે શ્રી દેવકરણજી નામે તેમના શિષ્ય ગણાતા સાધુ હતા. તેઓ વ્યાખ્યાનોમાં બહુ કુશળ હતા. કેટલાંક વેપારીભાઈઓએ તેમને મુંબઈમાં વ્યાખ્યાનો આપવા આમંત્રણ આપ્યું હતું. એટલે તેઓએ ચોમાસું નક્કી કર્યું. ત્યારે ખંભાતથી સુંદરલાલજી નામના વ્યક્તિ શ્રીમદ્ રાજચંદ્રને ઓળખતા હતા એટલે દેવકરણજીએ પણ શ્રીમદ્‌ને મળવાની ઈચ્છા રાખી અને થોડા સમયમાં સુંદરલાલ સાથે તેઓ શ્રીમદ્‌ને મળવા ચીંચપોકલીના ઉપાશ્રયે આવ્યા. ત્યાં શ્રીમદ્ સાથે વ્યાખ્યાન સંબંધી વાર્તાલાપ થયો. શ્રીમદ્દે દેવકરણજીમુનિને પૂછ્યું,

***"વ્યાખ્યાન કોણ આપે છે ? પર્ષદા કેટલી ભરાય છે!" દેવકરણજીએ કહ્યું, ' 'હજારેક માણસોની પર્ષદા ભરાય છે." શ્રીમદ્ : "સ્ત્રીઓની પર્ષદા જોઈને વિકાર થાય છે ?"***

***મુનિઃ "કાયાથી નથી થતો, મનથી થાય છે."***

*શ્રીમદ્ : "મુનિએ તો મન, વચન અને કાયા ત્રણે યોગથી સાચવવું જોઈએ."*

*એટલે દેવકરણજીએ આક્ષેપ કરતાં પૂછ્યું : "તમે હીરા માણેક આદિ કિંમતી રત્નોનો વેપાર કરો છો. તમારી પાસે તે પડેલા હોય છે ત્યારે તમારી વૃત્તિ ડહોળાતી નહિ હોય."*

*ત્યારે શ્રીમદે જવાબ આપ્યો કે "મુનિ, અમે હીરા દેખતા નથી, અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ."*[૩૨]

ઉપરોક્ત ઉત્તર સાંભળી મુનિશ્રી દેવકરણજી સજ્જડ થઈ ગયા અને ઘણી બધી બાબતો જેમકે સાચા સાધુ કોને કહેવાય ? સંસારી વ્યક્તિઓ વિશે, સમ્યક્જ્ઞાન વગેરે મુદ્દાઓ વિશે જીવનપર્યંત રાજચંદ્ર સાથે પત્ર–વ્યવહાર દ્વારાં પ્રશ્નોત્તરી થતી હતી.

## ૧.૬ પ્રવાસ, યાત્રા :

શ્રીમદ્ રાજચંદ્રમાં આપણને બીજી એક અદ્ભુત શક્તિનું દર્શન થાય છે. વવાણિયા ગામ નાનું હોવાથી એમનું મન પ્રવાસ તરફ રહ્યા કરતું હતું. વળી, વવાણિયામાં સુજ્ઞ, વિદ્વાન મનુષ્યોનો સથવારો પણ થોડો મળતો હોવાથી બીજે કયાંક બહાર જવાની એમની વૃત્તિ રહ્યા કરતી હતી.

યાત્રા અર્થે તેઓ જામનગર, બોટાદ, ખંભાત, વઢવાણ, મુંબઈ, કચ્છ આદિ સ્થળોએ પ્રવાસ કર્યા હતા.

શ્રીમદ્ જે સ્થળો ઉપર ગયા હોય ત્યાં ગુપ્ત રહેવાનો પ્રયત્ન કરતાં હતા. અને એકાંતમાં સ્વાધ્યાય, મનન કરતા હતા. તેમાં સૌથી વધારે સમય પસાર કરતાં હતાં. ગુપ્ત રહેવાના પોતાના પ્રયત્ન પછી પણ તેઓ ઓળખાઈ જતાં અને આસપાસનાં ગામના લોકો તેમનો ઉપદેશ સાંભળવા માટે એકઠા થઈ જતાં અને શ્રીમદ્ રાજચંદ્ર તેમને નિરાશ કરતા નહીં, અને બોધ આપતાં તથા જગતનું કલ્યાણ થાય તેવી ભાવના રાખતા. લોકોથી બચવા

માટે કયારેક તેઓ જંગલોમાં ચાલ્યા જતા હતા. તેઓ નિવૃત્ત થયા પછી ઉત્તમ કોટિના ત્યાગીનું જીવન જીવતા હતા.

તેઓ જ્યારે વવાણિયામાં હતા ત્યારે પણ સાંજે અથવા બપોરે જયારે પણ મન થાય ત્યારે કોઈ એકાંત–નિર્જન સ્થળે જઈને કલાકો સુધી સૂત્રની ગાથાઓ બોલતા.

> *"વિ.સં.૧૯૪૬ પછીથી લગભગ દરેક વર્ષ પર્યુષણ કે દિવાળીના અરસામાં તેઓ મુંબઈ બહાર રહેતા હતા. તેમાંથી થોડો વખત તેઓ વવાણિયામાં તેમનાં માતા–પિતા પાસે, અને બાકીનો સમય રાજળ, કાવિઠા, ઈડર તથા ચરોતરના અન્ય પ્રદેશોમાં વિચરતા. એ જ રીતે શ્રીમદ્ વિ.સં.૧૯૪૬માં અષાઢ માસથી આસો માસ સુધીના ચાર માસ મોરબી, વવાણિયા, ખંભાત તથા તેની આસપાસના પ્રદેશોમાં રહ્યા હતા. વિ.સં.૧૯૪૭નો ભાદરવો તથા આસો એ બે માસ વવાણિયા તથા રાજળ ક્ષેત્રે ગાળ્યા હતા. વિ.સ.૧૯૪૮ના કારતક સુદથી માગસર સુદનો એક માસ વવાણિયા, મોરબી તથા આણંદ વચ્ચે પસાર કર્યો હતો."* [૭૭]

શ્રીમદ્ પ્રથમ ખંભાતમાં એક અઠવાડિયું સંવત ૧૯૪૬માં રહ્યા. પછી થોડો વખત ખંભાતથી થોડે દૂર રાજળ નામનાં ગામમાં સંવત ૧૯૪૭માં રહ્યા હતા ત્યાર પછી તેઓ સૌરાષ્ટ્રનાં રાણપુર પાસે હડમતિયા નામનાં નાના ગામમાં રહ્યા હતા. ત્યાં વડોદરા, બોટાદ, સાયલા, મોરબી વગેરે સ્થળેથી મુમુક્ષુઓ આવતા હતા અને સત્સંગ ચાલતો ત્યાં તેઓ સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનોને બોધ આપતા હતા.

હડમતિયાથી મુંબઈ જતાં વચ્ચે ખંભાત સંવત ૧૯૫૧માં આસો માસમાં રહ્યા હતા. પછી મુંબઈથી અઢી મહિનાનો સમય લઈને ચરોતર ગયા હતા. તેઓ અંબાલાલભાઈ સોભાગભાઈ, ડુંગરશીભાઈ સાથે બાર દિવસ અગાસ પાસેના કાવિઠા ગામમાં રહ્યા હતા.

પછી એકવાર ખંભાત પાસે વડવા ગામે પાંચ મુનિઓ શ્રીમદ્‌નો સમાગમ કરવા ગયા હતા. કાવિઠામાં તેઓ ખેતરોમાં એકાંત ગાળતા હતા. કોઈ એકાદ માણસ મળે તો બોધ આપતા હતા ત્યાં દરરોજ લોકો આવતા અને બોધ પ્રવાહ ચાલુ રહેતો.

સંવત ૧૯૫૨ની આણંદથી નડિયાદ આવ્યા હતા ત્યારે તેમની દેખરેખ રાખવા તથા સેવાચાકરી માટે અંબાલાલ તેમની સાથે આવ્યા હતા. નડિયાદમાં શરદપૂનમને બીજે દિવસે રાત્રે એકી બેઠકે તેમણે ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ પદ્યમાં લખ્યું હતું. તેઓ નડિયાદમાં ત્રણ મહિના રહ્યા હતા. શ્રાવણ મહિનાની શરૂઆતમાં તેઓ પેટલાઈ ગયા હતા. ત્યાંથી કાવિઠા ગયા હતા. ત્યાં એક મહિનો રહ્યા હતા. ત્યારે અંબાલાલભાઈ તેમને ખાતેદારીમાં હતા. ત્યાંથી તેઓ વસો ગયા, ત્યાં લલ્લુજી મહારાજનું ચોમાસું ચાલતું હતું. એટલે ત્યાં કેટલાક દિવસો સુધી રહ્યા હતા.

> ***“વસોમાં મોતીલાલ નામના નડિયાદના ભાવસાર શ્રીમદ્‌ની સેવામાં રહેતા. તેની મારફતે નડિયાદની આજુબાજુમાં કોઈ એકાંત સ્થળ રહેવા યોગ્ય તેની તપાસ તેઓ કરાવી લેતા. નડિયાદ અને ઉત્તરસંડાની વચમાં એક બંગલો મળી શકે તેવી ગોઠવણ થઈ, એટલે શ્રી અંબાલાલ, લેહરાભાઈ અને મોતીલાલ એ ત્રણેની સાથે શ્રીમદ્ ઉત્તરસંડાને બંગલે પધાર્યા. બીજા કોઈને ત્યાં આવવાની મનાઈ હતી. પંદર દિવસ સુધી શ્રી અંબાલાલભાઈ સેવામાં રહ્યા અને બધી વ્યવસ્થા પોતે કરી લેતા, પરંતુ શ્રીમદ્‌ને તદ્દન એકાંત નિવૃત્તિની વૃત્તિ હોવાથી, શ્રી અંબાલાલભાઈ રસોઈનો સામાન, ગાદલાં, વાસણ વગેરે લાવ્યા હતા. તે બધું લઈ જવાની આજ્ઞા કરી, એક મોતીલાલને સેવામાં રાખ્યા. શ્રી અંબાલાલ બંગલો ખાલી કરી બધો સામાન ગાડામાં ભરાવી લઈ નડિયાદ ગયા.”***[૩૪]

ત્યારે અંબાલાલભાઈ મોતીલાલને સલાહ–સૂચના આપતા ગયા હતા કે રાત્રે તમે તેમનું (શ્રીમદ્ રાજચંદ્રજીનું) ધ્યાન રાખજો. એક વખત શ્રીમદ્ જંગલમાં એકલા ફરવા ગયા અને રાત્રે સાડા દશ વાગ્યે આવ્યા, ત્યારે મોતીલાલભાઈએ ઓસરીમાં જે હીંચકો હતો તેની

ઉપર શ્રીમદ્ રાજચંદ્ર માટે ગાદલું પાથર્યું. આ જોઈને તેમણે મોતીભાઈને પૂછ્યું : ગાદલું કયાંથી લાવ્યા ? મોતીલાલે કહ્યું : 'મારે માટે રાખ્યું હતું તે પાથર્યું છે.'

શ્રીમદે કહ્યું : 'તમે તે લઈ લો.'

આમ, મોતીલાલના ઘણાં આગ્રહ પછી તેમણે એ ગાદલું રહેવા દીધું હતું. તેમને જ્યારે–જ્યારે સમય મળતો ત્યારે ધ્યાનસ્થ અવસ્થામાં રહેતા. ધ્યાનમાં તેઓ એટલા લીન રહેતા કે તેમને પોતાના શરીરનું ધ્યાન પણ રહેતું નહીં. ત્યાર પછી ત્યાંથી તેઓ ઈડર તરફ ગયા હતા.

*"ઈડરમાં શ્રીમદ્‌ના કાકા સસરા ડૉ. પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા ઈડર સ્ટેટના ચીફ મેડિકલ ઓફિસર હતા. તેમને ત્યાં સંવત ૧૯૫૫માં શ્રીમદ્ રહ્યા હતા. તે વખતે ગામમાં ઘણું કરીને ભોજન જેટલો દિવસ કાળ ગાળતા; અને ઘણો–ખરો વખત ઈડરના પહાડ અને જંગલોમાં પસાર કરતા.*

*શ્રીમદે ડૉ. પ્રાણજીવનદાસને ખાસ મનાઈ કરેલી હોવાથી જનસમાજમાં તેમના આવાગમન સંબંધી કંઈ વાત બહાર પડતી નહીં. ઈડરના મરહમ મહારાજા સાહેબે તેમની એક–બે વખત મુલાકાત લીધેલી. તે દરમ્યાન જ્ઞાનવાર્તા થયેલી તેનો સાર 'દેશી રાજ્ય' નામના માસિકમાં ઈ.સ. ૧૯૨૮માં પ્રસિદ્ધ થયો હતો."* [૩૫]

ઈડરના પ્રવાસ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર અનેક મુનિશ્રીઓને મળ્યા હતા. તેમને તેઓએ ખૂબજ બોધવાણી આપી હતી. ત્યાં તેઓ ઈડરના જંગલોમાં કે પહાડોમાં એકાંત સ્થળ શોધી ધ્યાન માટે જતા. તેમણે ઘણો સમય ઈડરિયાગઢ ઉપર ગાળ્યો હતો. તેમની યાત્રાથી અનેક જિજ્ઞાસુ મહાત્માઓને તેમની અમૃતવાણીનો લાભ મળ્યો હતો. લોકોને મૂંઝવતા પ્રશ્નોનાં ઉત્તર આપી સમાધાન કરાવતા હતા. કારણ કે પોતાને પૂર્વભવનું જ્ઞાન હતું. આમ, ઈડરમાં તેમણે ઘણાં દેવદર્શન કર્યાં હતા.

આમ, શ્રીમદ્ રાજચંદ્રજીએ અનેક સ્થળે યાત્રા કરી તે દરમિયાન તેઓ ખૂબજ સંયમી હતા. તેની સેવામાં રહેતા માણસોની સેવા લેતા નહીં. ખાવા–પીવામાં પણ ખૂબજ સાદાઈ હતી. અને એકાંતમાં ગાથાઓ બોલ્યા કરતા અને આત્મચિંતન કરતા. તેમની ઉપદેશ આપવાની શૈલી પણ એટલી અદ્‌ભુત હતી કે માણસો મંત્રમુગ્ધ બની જતાં. એમની વાણીમાં એટલી જ મીઠાશ હતી કે સાંભળનાર ધરાતા જ નહિ. તેઓ કોઈપણ જાતનો હર્ષશોક કરતા નહોતા અને આત્મામાં લીન રહેતા.

આમ, તેઓએ જે સ્થળે યાત્રા દરમિયાન જે સમાગમમાં બોધ આપ્યા હોય કે વ્યાખ્યાનો આપ્યા હતા તેના કેટલાંક ભાગ ‘ઉપદેશછાયા’, ‘ઉપદેશનોંધ’, ‘વ્યાખ્યાનસાર’માં આદિ શીર્ષક નીચે સંગ્રહિત થયેલાં છે.

## ૧.૭ સાધના પદ્ધતિ :

ઈ.સ.૧૯૯૦માં ધરમપુરમાં આત્મધ્યાન કરતા હતા ત્યારે ત્યાં ધરમપુરનાં મહારાજાએ અંગ્રેજના સન્માન માટે શિકારની ગોઠવણ કરી હતી. ત્યારે અંગ્રેજ સતત ત્રણ દિવસ સુધી શિકારની શોધમાં જતો પણ એક પણ પ્રાણી કે પક્ષી મળ્યું નહિ. ત્યારે એક સજ્જન માણસે તે અંગ્રેજને સમજાવતા કહ્યું :

> ***“સર્વ જીવ પ્રત્યે નિષ્કારણ કરુણાશીલ એવા મહાત્મા જ્યાં આત્મસાધના કરતા હોય ત્યાં શિકાર માટે પ્રાણી કયાંથી મળે ? ખરેખર તેમની કરુણાના પ્રતાપે નિર્દોષ પ્રાણીઓની હિંસા થતી અટકી!”*** [૩૬]

તેઓ જંગલમાં એકાંત સ્થળે જ્યાં હિંસક પ્રાણીઓ રહેતા હોય તેવી જગ્યાએ આત્મસાધના માટે જતા હતા. તેઓ વધારે ઈડરનાં જંગલોમાં અને જ્યાં અનેક મહાત્માઓએ આત્મસાધના કરી હતી. તે પહાડો ઉપર તેઓ વારંવાર આત્મસાધના માટે જતા હતા. તેમણે ઘણાં સમય પહેલાં એમનાં માતાને પણ જણાવ્યું હતું કે હું આત્મસાધના કરીશ. આત્મસાધના વિશેનો તેમનો નિર્ણય તો તેઓ પહેલાં કરી ચૂકયા હતા.

ધ્યાનના ચાર પ્રકાર છે : આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ. તેમાંથી શ્રીમદ્દ્ આર્ત અને રૌદ્ર એમ બે ધ્યાનનો તો સર્વથા ત્યાગવાનો જ ઉપદેશ કર્યો છે. કેમકે તેનાથી કર્મબંધ વિશેષ થાય છે. શુકલ ધ્યાન તો બહુ ઉચ્ચ શ્રેણીમાં આવે છે. તેથી આ કાળમાં શુકલધ્યાનની મુખ્યતાનો અનુભવ ભારતમાં તેમણે અસંભવિત ગણ્યો છે અને મોક્ષમાર્ગનો ધોરી રસ્તો ધર્મધ્યાનથી મળે છે. તેની વિચારણા તેમણે કરેલી જણાય છે.

ચોથે ગુણસ્થાને આવેલો પુરુષ પાત્રતા પામ્યો કહેવાય છે, ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે ગુણસ્થાને મધ્યમ ગૌણતા છે. છટ્ઠી મુખ્યત્વે પણ મધ્યમ છે. સાતમે મુખ્યતા છે. આ ધ્યાન કેવી રીતે કરવું તે વિશે માર્ગદર્શન આપતાં શ્રીમદે લખ્યું હતું કે :

***જો પદ્માસન વાળીને કિંવા સ્થિર આસનથી બેસી શકાતું હોય, સૂઈ શકાતું હોય તો પણ ચાલે, પણ સ્થિરતા જોઈએ. ચળવિચળ દેહ ન થતો હોય તો આંખો વીંચી જઈ નાભિના ભાગ પર દૃષ્ટિ પહોંચાડી, પછી છાતીના મધ્યભાગમાં આણી, કપાળના મધ્યભાગમાં તે દૃષ્ટિ ઠેઠ લાવી, સર્વ જગત શૂન્ય ભાસરૂપ ચિંતવી, પોતાના દેહમાં સર્વ સ્થળે એક તેજ વ્યાપ્યું છે એવો ભાસ લઈ જે રૂપે પાર્શ્વનાથાદિક અર્હત્‌ની પ્રતિમા સ્થિર ધવળ દેખાય છે. તેવો ખ્યાલ છાતીના મધ્યભાગમાં કરો. તેટલામાંથી કંઈ થઈ ન શકતું હોય તો.... સવારના ચાર વાગે કે પાંચ વાગે જાગૃતિ પામી, સોડ તાણી – એકાગ્રતા ચિંતવવી, અર્હત્ સ્વરૂપનું ચિંતવન બને તો કરવું, નહીં તો કંઈ પણ નહીં ચિતવતાં સમાધિ કે બોધિ એ શબ્દો જ ચિંતવવા... ઓછામાં ઓછી બાર પળ અને ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત સ્થિતિ રાખવી.”*** [૩૭]

અહીં જણાવ્યા પ્રમાણે ધ્યાન દ્વારાં આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. ધ્યાનમાં સિદ્ધિ મેળવવા માટે મન અને શરીર બંને સ્થિર હોવા જોઈએ. કોઈ અન્ય વિચાર મનમાં લેવો જોઈએ નહિ કોઈપણ વિષય પરના ધ્યાન પ્રાપ્ત કરવા માટે એકાગ્રતા આવશ્યક છે. જે વ્યક્તિ ધ્યાન કરતી વખતે તન અને મનની એકાગ્રતા જાળવી રાખે ત્યારે જ સાચું ધ્યાન પ્રાપ્ત થયું કહેવાય છે. શરીરને સ્થિર રાખવું, કોઈપણ પ્રકારની હલચલ કરવી નહિ તથા

ધ્યાન કરતી વખતે મૌન પાળવું અને મહત્ત્વની બીજી વાત છે કે જયારે આપણે ધ્યાન કરીએ ત્યારે મનમાં કોઈ ધૂન અથવા ગાથાનું રટણ કરવું જોઈએ.

***"બાંધેલા કર્મસમૂહને ચાળવા માટે તપ એ ઉત્તમ સાધન છે. તપના બે પ્રકાર છે. બાહ્ય તપ અને આત્યાર તપ. અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ, કાયાકલેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ છે અને પ્રાયશ્ચિત, વિનય, શાસ્ત્રપઠન, ધ્યાન, વૈયાવચ્ચ અને કાર્યોત્સર્ગ એ છ પ્રકારના આભ્યંતર તપ છે.***

***મુમુક્ષુએ આ સર્વ પ્રકારના તપ કરીને કર્મસમૂહને બાળવા પડે છે અને એ દ્વારા જ સ્વરૂપ પમાય છે."*** [૩૮]

અહીં જણાવ્યા પ્રમાણે ધ્યાન કરવાથી કલ્યાણ થાય છે. હંમેશા સત્સંગ ચાલુ રાખવો જોઈએ. તેઓ માને છે કે જેને પામવા માટે અસંખ્ય શાસ્ત્રો તથા અનેક ધર્મો રચાયાં છે અને તે આત્મા જલદી પામી શકાય તેવું તત્ત્વ નથી. આત્માના સ્વરૂપને ઓળખવા માટે આત્મસાધના જ આવશ્યક ઉપાય છે. તેમાં કોઈપણ પ્રકારની લાલચ રાખવી જોઈએ નહિ.

આમ, શ્રીમદ્ રાજચંદ્રે સંસારની બધી જ વસ્તુનો ત્યાગ કરીને સાધના કરતાં હતા. તેઓ જયારે નિવૃત્ત રહેતાં ત્યારે ઈડરનાં જંગલોની ગુફાઓમાં સાધના માટે જતાં હતા. તેમણે હંમેશા જંગલોમાં, પહાડોમાં, ગુફાઓમાં વગેરે સ્થળોએ એકાંતમાં તપ–સાધના કરેલી જોવા મળે છે.

## ૧.૮ લેખનકાર્ય :

શ્રીમદ્ રાજચંદ્ર જન્મે કવિ હતા. જયારે તેઓ કરિયાણાની દુકાને બેસતા હતા. ત્યાં દુકાને જયારે ગ્રાહકો ન હોય ત્યારે રામાયણ અને મહાભારતની કથાઓનાં આધારે પદો રચતા હતા. ૧૧ વર્ષની ઉંમરે માસિક સામયિકમાં લેખો તથા નિબંધો લખવાની શરૂઆત

કરી હતી. તેમને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ ન હોવા છતાં વેદાંત, સાંખ્ય, યોગ, બૌદ્ધ–જૈન આદિ ષડ્દર્શનનાં શાસ્ત્રોનો ઊંડાણપૂર્વક થોડાં સમયમા અભ્યાસ કરી લીધો હતો. જૈન મુનિઓ સાથે જ્ઞાનની વાતો કરવી તેમને ખૂબ ગમતી. જૈન ધર્મથી તેઓ ઘણાં પ્રભાવિત થયા હતા. જૈન ધર્મમાં ત્યાગ, કરુણા અને વૈરાગ્ય પ્રધાન તત્ત્વજ્ઞાનથી તેઓ પ્રભાવિત હતા. તેમણે ગરબી, નિબંધો, સંવાદો, લેખો, વાર્તા વગેરે ક્ષેત્રમાં લેખનકાર્ય કરેલું જોવા મળે છે.

> ***"આઠ વર્ષની ઉંમરથી કવિતા રચવાની તેમણે શરૂઆત કરી હતી. પહેલે વર્ષે ૫૦૦૦ કડીઓ તેમણે રચેલી કહેવાય છે. નવ વર્ષની વયે તેમણે પદ્યમાં રામાયણ અને મહાભારત નાનાં–નાનાં લખ્યા હતા, અને દશ વર્ષની વયે તો એમના વિચારો પુખ્ત ઉંમરના – અનુભવોને છાજે તેવા હતા. નવું–નવું શીખવાની, નવું–નવું સાંભળવાની, નવું–નવું મનન કરવાની અને નવું–નવું સુંદર ભાષણ કરવાની એમની ઉત્કૃટ ઈચ્છા એ દસ વર્ષની વયમાં હદ પાર હતી. કવિત્વશક્તિ, સ્મરણશક્તિ, વક્તાપણું અને સદ્‌ગુણને લઈને નાની વયમાં અજબ શક્તિશાળી ગણાતા હતા. અગિયાર વર્ષની વયેથી એમણે ચોપાનિયામાં લેખ લખવા માંડ્યા હતા અને ઈનામી નિબંધોમાં યોગ્ય ઈનામો પણ સંપાદન કર્યા હતા."*** [૩૯]

ઉપરોક્ત અવતરણ પરથી ખ્યાલ આવે છે કે શ્રીમદ્ રાજચંદ્રમાં નાનપણથી જ લેખનશક્તિ ખીલી હતી. તેમના સાહિત્યસર્જનને આધારે તેમને નાની ઉંમરમાં 'કવિ' તરીકેની ખ્યાતિ મળી હતી.

તેમણે સ્ત્રીકેળવણીની ઉપયોગિતા વિશે એક નિબંધ પણ લખ્યો હતો. જે 'સ્ત્રીનીતિ બોધક'. જે આજે પણ ઓછું ભણેલી સ્ત્રીઓને ખૂબજ ઉપયોગી થાય તેવું પુસ્તક છે. એમાં તેમણે સદ્‌ગુણ મેળવવા અને દુર્ગુણોથી મુક્ત થવા માટે સાદી–સરળ ભાષામાં શિખામણ આપી છે. ઈ.સ.૧૯૪૦માં પ્રગટ થયેલું શ્રીમદ્ રાજચંદ્રનું પ્રથમ પુસ્તક છે. તેમાં આપણને નર્મદની જેમ શ્રીમદ્ રાજચંદ્રનો સંસાર સુધારક તરીકેનો પરિચય પ્રાપ્ત થાય છે.

અવધાન સમયે શીઘ્રતાથી રચાયેલી તેમની કેટલીક કૃતિઓ મળે છે. એમાંથી પદ્યરચનાઓ માંડ સાત–આઠ પંક્તિઓથી લાંબી છે. છતાં એમાં એમની સચોટતા, પારદર્શકતા, વૈરાગ્યને પ્રગટતાં જોઈ શકીએ છીએ. આવી ધર્મને લગતી રચનાઓએ શ્રીમદ્ રાજચંદ્રને કવિ તરીકેનું અનોખું સ્થાન અપાવ્યું છે.

બાર વર્ષની ઉંમરે ત્રણ દિવસમાં ઘડિયાળ ઉપર ત્રણસો કડીઓ લખી હતી. આ સિવાય તેમણે રચેલું સાહિત્ય ધર્મને લગતું હતું. તેમાં કેટલીક કૃતિઓ પૂર્ણ છે. અને કેટલીક કૃતિઓ અધૂરી પણ રહી છે. તેમણે હજારથી વધારે બોધવચનો – નીતિવચનો ‘પુષ્પમાળા’, ‘બોધવચન’માં લખ્યાં છે. તેમાં ધર્મનો રંગ દેખાઈ આવે છે.

***“ઈ.સ.૧૮૯૬ના અંતભાગમાં શ્રીમદ્‌ને જણાયું કે હવે તેઓ ‘સ્વરૂપ સ્વદેશ’થી અર્થાત્ ‘પરમપદ’થી બહુ દૂર નથી. તેમને જે અપૂર્વ શાંતિ અને પરમાનંદની અનુભૂતિ થઈ તેને ‘ધન્ય રે દિવસ આ અહો’ એ પદમાં કાવ્યબદ્ધ કરી. આ અત્યંત ભાવવાહી પદ વાંચનારના હૃદયના તારને ઝણઝણાવી મૂકે એવું છે. ગુજરાતી સાહિત્યના વિદ્વાનોમાં તેમની ‘કવિચક્રચૂડામણિ’ અર્થાત્ સર્વોત્કૃષ્ટ કવિ તરીકે ગણના થતી.***

***એક દિવસ વહેલી સવારે પોતાના માતુશ્રીના ખાટલા ઉપર બેઠા–બેઠા શ્રીમદ્‌ે ૨૧ કડીના તત્ત્વજ્ઞાન ગર્ભિત ‘અપૂર્વ અવસર’નું સર્જન કર્યું.***

***જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે ઉર્ધ્વારોહણ કરતા શ્રીમદ્‌ે ‘અપૂર્વ અવસર’માં પોતાની અંતરાત્મદશા (ચોથા ગુણસ્થાનક)થી પરમાત્મદશા (ચૌદમાં ગુણસ્થાનક) અને છેલ્લે સિદ્ધસ્થાન પર્યંતનું નિરૂપણ કર્યું છે. ‘અપૂર્વ અવસર’ વિશે ગાંધીજીએ લખ્યું છે – “જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે. તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયલો.”***

***શ્રીમદે 'વીસ દોહરા', 'યમનિયમ', 'બિના નયન' ઉપરાંત અનેક આધ્યાત્મિક કાવ્યો રચ્યાં છે. તેમણે શ્રી કુંદકુંદાચાર્યનાં 'પંચાસ્તિકાય' ગ્રંથનો જાણે મૂળકૃતિ ગુજરાતીમાં લખાઈ હોય તેવો અનુવાદ કર્યો છે. 'શ્રી આનંદઘન ચોવીસી'ના પ્રથમ સ્તવનનું તલસ્પર્શી વિવેચન પણ કર્યું છે. એમના વિપુલ લખાણના મોટાભાગનું પ્રકાશન એમના દેહોત્સર્ગ પછી થયું છે."*** [૪૦]

આમ, વીસ વર્ષની ઉંમર પહેલાં શ્રીમદ્ રાજચંદ્રે લખેલા ધર્મને લગતા સાહિત્યનાં 'મોક્ષસુબોધ' એ પદ્યરચના અધૂરી રહેલી છે અને તેમની 'પ્રભુપ્રાર્થના' તેની ભાવનામયતાને લીધે ધ્યાન ખેંચે તેવી રચના છે. ઉપરાંત 'નવ કાળ મૂકે કોઈને', 'ધર્મ વિશે' અલગ–અલગ પદ્ય રચનાઓ પણ મળે છે. આ બધા સામાન્ય રીતે બોધકાવ્યો ગણી શકાય. તેમનાં ગદ્ય સાહિત્યમાં 'ભાવનાબોધ', 'મોક્ષમાળા' એ પૂર્ણ થયેલી રચનાઓ છે. એમાં તેમણે જૈન માર્ગને યથાતથ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ બંને પુસ્તકોનું ગદ્ય– સાદી સરળ, મર્માળુ, કયારેક હાસ્યયુક્ત વચનોવાળુ અને હૃદયને સ્પર્શી જાય તેવા વિવેક વિચારવાળું છે. આ બંને પુસ્તકો તેમનાં ઊંડા વૈરાગ્યની પ્રતિતી કરાવે છે. આ ઉપરાંત તેમનું પદ્યસાહિત્ય વધારે પ્રસિદ્ધ થયું હતું. તેથી લોકોમાં તેમની કવિ તરીકેની વિશેષ છાપ પડી હતી. તેમનાં લખાણોમાં ફકત આત્મહિતની જ દષ્ટિ જોવા મળે છે. ૨૦ વર્ષ પછીનું લખાણ તેમના દેહાંત પછી પ્રકાશિત થયું હતું. ત્યાં સુધી શ્રીમદ્ રાજચંદ્રને તેમના સગા–વહાલાં જ ઓળખતા હતા. જયારે તેમનું સમગ્ર લખાણ પ્રકાશિત થયું ત્યારે જ સામાન્ય માણસોને શ્રીમદ્ રાજચંદ્રનો સાચો પરિચય થયો. તેમના લખાણોમાં લેખો, નિબંધો, વાર્તાઓ વગેરેની જેમ પત્રોનો સમાવેશ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં ખેડાણ કર્યું હતું. તેમણે હંમેશા પોતાનું લખાણ પોતાના અંગત ઉપયોગ માટે જ કર્યું હતું. તેથી ક્રમ મુજબ નથી. તેમને જયારે કોઈ મહત્ત્વનો વિચાર આવતો તેની તરત જ નોંધ કરી લેતા હતા. એવી રીતે તેમની 'નોંધપોથી' તૈયાર થઈ હતી. આ 'નોંધપોથી' તેમનાં વિચારોથી ભરપૂર છે. તેઓ પોતાના વિચારો અતિ

સંક્ષેપમાં લખતા હતા. તેમનાં વિચારો હંમેશા આત્માને લગતા અને આંતરિક સ્થિતિવાળા હતા.

તેમના લખાણોની અસાધારણતા એ હતી કે પોતે જે અનુભવ્યું તે જ તેમણે લખ્યું છે. તેમના લખાણોમાં કયાંય કૃત્રિમતા જોવા મળતી નથી. બીજાની ઉપર છાપ પાઠવા માટે તેમણે કશું કયાંય એક લીટી પણ લખી નથી. તેમનો લખવાનો હેતુ માત્ર વાંચનારને પોતાનાં આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો.

## ૧.૯ સાક્ષાત્કાર, ક્રિયાકાંડો, પ્રયોગો :

શ્રીમદ્ રાજચંદ્રને નાની અવસ્થામાં પોતાનાં પૂર્વજન્મોનું જ્ઞાન થયું હતું. ત્યારપછી જૂનાગઢનો ગઢ જોતાં તેનાં જ્ઞાનમાં ઘણો વધારો થયો હતો અને છેવટે નવસો પૂર્વભવનું જ્ઞાન થયું હતું. જૈન દર્શનમાં આ પૂર્વભવોના જ્ઞાન અથવા સ્મરણને 'જાતિ સ્મૃતિ જ્ઞાન' કે 'જાતિ સ્મરણજ્ઞાન' કહેવામાં આવે છે. આત્માની નિર્મળ દશા થવાથી તે જ્ઞાન થાય છે. આ અસાધારણ અને વિરલ બનવાથી તેઓ વધારે શાંત થયા અને તેમનો વૈરાગ્ય વધવા લાગ્યો. તે વિશે.

***"ઈ.સ.૧૮૮૬થી શ્રીમદ્ રાજચંદ્ર તીવ્ર વૈરાગ્ય અનુભવતા હતા. તેમણે લખ્યું– "ડાબી આંખમાંથી" એક નાના ચંદ્ર જેવો વિજળી સમાન ઝબકારો વારંવાર થઈ આંખથી જરા દૂર જઈ ઓલવાય છે. અંતઃકરણમાં બહુ પ્રકાશ રહે છે. શક્તિ બહુ તેજ મારે છે. ધ્યાન સ્માધિસ્થ રહે છે.***

***ઈ.સ.૧૮૯૧માં જૈન દર્શનમાં જે આત્મનુભવને શુદ્ધ સમક્તિ કહેવામાં આવે છે. તે સમક્તિ કોઈ ધન્ય ક્ષણે પ્રકાશ્યું – પરમશાંત અને સચ્ચિદાનંદ સ્વરૂપમય આત્માની એ અનુપમેય અનુભૂતિ હતી. આખા જગતમાં એ પરમસુખની તુલ્ય કોઈ પણ સુખ કે વસ્તુ નથી."***[૪૧]

*"એ જ વર્ષમાં શ્રીમદ્ રાજચંદ્રને પરાભક્તિની પરાકાષ્ટાનો અનુભવ થયો હતો. તેમણે જે ઉત્તમ તપ–સાધના કરેલી હતી તેનું સિદ્ધ થતી જોવા મળે છે. પરાભક્તિ એટલે આત્મા અને પરમાત્માનું એકરૂપ હોવું.*

*તેના વિશે શ્રીમદ્ કહે છે કે "આ અપૂર્વ અને અનુપમેય આનંદનો અનુભવ થવાથી હવે કયારે સંસાર ત્યાગીને નિગ્રંથ મુનિ થઈશ એ ઝંખના થયા કરે છે."* [૪૨]

શ્રીમદ્ રાજચંદ્રને આત્મજ્ઞાન થયું હતું. એ એમના અમુક પત્રો પરથી ખ્યાલ આવે છે. તેમણે આત્મા, મોક્ષ, ધ્યાન, તપ, કલ્યાણ વગેરે વિશેની તત્ત્વવિચારણા પત્રોમાં કરી છે. તો અહીં આપણે 'આત્મા' વિશેની એમની તત્ત્વવિચારણા જોઈએ.

*"આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંપ્રકાશિત, અનંતસુખનો ભોક્તા, અરૂપી, નિરંજન, નિરાકાર વગેરે ગુણવાળો છે. આ બધા ગુણો તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રગટે છે, પણ આત્મા જ્યારે કર્મલક્ષી લેવાયેલો હોય છે, ત્યારે તેનાં તે ગુણો દબાયેલા હોય છે. તેમ છતાં તેનાં બે લક્ષણ તો ગમે તે પરિસ્થિતિમાં જણાયા વિના રહેતા નથી. તે લક્ષણો છે : તેનું ચેતનત્વ અને ઉપયોગ. જીવમાં ચેતનશક્તિ છે તેથી તે સર્વ પદાર્થોનો જ્ઞાતા–જાણનાર અને દૃષ્ટા–જોનાર પણ છે."* [૪૩]

આત્મા શું છે ? અને આત્મસાક્ષાત્કાર કેવી રીતે થાય તે વિશેની તેમની સ્પષ્ટતા ખૂબજ મહત્ત્વની બની રહે છે. તેઓ માને છે કે અનેક જ્ઞાનીઓએ આત્માને ઓળખવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ તે શાસ્ત્રો અને ધર્મને આધારે. પછી તેમને જે આત્મજ્ઞાન થયું હોય તે પછી જ મનુષ્યોને સમજાવવા માટે અસંખ્ય શાસ્ત્રો રચતાં હોય છે. છતાં પણ કોઈ આત્માને એમ પામી શકતું પણ નથી. એ દુઃખની વાત છે.

*"વિ.સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ શ્રી સોભાગભાઈને લખ્યું હતું : "આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે. ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે.*

***પોતાની હસ્તનોંધમાં એક કાવ્યમાં પણ શ્રીમદ્દે લખ્યું છે કે : "ઓગણીસસે ને સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે."***[૪૪]

આમ, શ્રીમદ્ રાજચંદ્રને આત્મજ્ઞાન થયું હતું.

## ◈ ક્રિયાકાંડ :

### ✱ પ્રયોગો :

શ્રીમદ્ રાજચંદ્રે મોરબી, જામનગર, બોટાદ, વવાણિયા, મુંબઈ આદિ સ્થળોએ અવધાનના પ્રયોગો કર્યા હતા. તેમની આ અવધાનશક્તિ એટલે શું તે જોઈએ.

અવધાનશક્તિ એટલે ભૂલ કર્યા વિના એક સાથે અનેક વસ્તુ યાદ રાખવાની શક્તિ. તેનાં બે પ્રકાર છે (૧) કેળવણી અવધાનશક્તિ અને (૨) ધરણારૂપ અવધાનશક્તિ.

કેળવેલી અવધાનશક્તિ એટલે જ્યારે કોઈ વ્યક્તિ એક સાથે અમુક સંખ્યા સુધીના કામ કરવાની શક્તિ કેળવી હોય તે અને જ્યારે ધારણારૂપ અવધાનશક્તિ એટલે કે તેમાં વ્યક્તિને સત્ય વસ્તુ પ્રત્યક્ષ હોય છે અને તીવ્ર સ્મરણશક્તિ સ્વયંસ્ફૂરિત હોય છે. તેથી ગમે તેવાં અઘરાં કામ તેઓ કરી શકે છે.

આવી અવધાનશક્તિ શ્રીમદ્ રાજચંદ્રમાં પડેલી હતી. આથી તેઓ સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ ફર્યા હતા અને ત્યાં સફળતાપૂર્વક પ્રયોગો પણ કર્યા હતા. જેની ટૂંકમાં માહિતી જોઈએ.

***"વિ.સ.૧૯૪૦ આસપાસ મોરબીમાં શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર ભટ્ટ અષ્ટાવધાનના પ્રયોગો જાહેરમાં કરી બતાવતા હતા, એટલે કે તેઓ આઠ બાબતો એક સાથે ધ્યાનમાં રાખી, ભૂલ વગર તે આઠે બાબતો ફરીથી કહી કે કહી બતાવતા હતા. એ જ અરસામાં મુંબઈમાં પણ પંડિત ગટુલાલજી અષ્ટાવધાનનાં પ્રયોગો કરતા હતા. આ સમયે હિંદમાં જાણવા મુજબ આ બે જ પુરુષો ચમત્કારિક***

*શક્તિવાળા ગણાતા હતા. ત્યાં વિ.સં.૧૯૪૦માં ૧૬ વર્ષની શ્રીમદ્‌ને મોરબી આવવાનો પ્રસંગ બનેલો. તે વખતે શાસ્ત્રી શંકરલાલના અવધાનનાં પ્રયોગો મોરબીના ઉપાશ્રયમાં થયા હતા. એ અવધાન અવલોકવા આવવાનું નિમંત્રણ શ્રીમદ્‌ને પણ મળ્યું હતું.”* [૪૫]

શ્રીમદ્ રાજચંદ્ર જયારે મોરબીના ઉપાશ્રયમાં અવધાનનાં પ્રયોગો જોવા ગયેલાં. ત્યાં તેમણે પોતાની શક્તિ વડે જાણી લીધું કે આ પ્રયોગો કેવી રીતે કહી શકાય છે. ત્યાર પછી તો તેઓ ઝડપથી શીખી પણ ગયા હતા અને બીજા દિવસે વસંતબાગમાં પોતાના અંગત મિત્રો સામે પ્રયોગ કર્યા અને તેઓ સફળ થયા. બસ પછી તો બે હજાર શ્રોતાઓની હાજરીમાં બાર અવધાન કરી બતાવેલા હતા.

થોડા સમય પછી તેઓ પોતાના અંગત કામ માટે જામનગર ગયા હતા. ત્યાં તેમણે વિદ્વાનોની બે સભાઓમાં બાર અને સોળ અવધાન પ્રયોગો કર્યો હતા અને ત્યારથી તેમને ‘હિંદના હીરા’ તરીકેનું બિરુદ મળ્યું હતું.

તેમણે અમદાવાદ, જેતપુર, મુંબઈમાં પ્રયોગો કર્યા હતા. તેમાંથી સૌથી વધારે મુંબઈમાં આવા પ્રયોગો કર્યા હતા અને એક વખત બોટાદમાં પોતાના મિત્ર સામે બાવન અવધાનનો પ્રયોગ કર્યો હતો. આ બાવન અવધાનનો પ્રયોગ કેવી રીતે થાય તે જોઈએ.

“

| | | |
|---|---|---|
| *૧.* | *ત્રણ જણ સાથે ચોપાટે રમ્યાં જવું.* | *૧* |
| *૨.* | *ત્રણ જણ સાથે ગંજીફે રમ્યા જવું.* | *૧* |
| *૩.* | *એક જણ સાથે શેતરંજે રમ્યા જવું.* | *૧* |
| *૪.* | *ઝાલરના પડતા ટકોરા ગણતા જવું.* | *૧* |
| *૫.* | *સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર* | |

| | | |
|---|---|---|
| | મનમાં ગણ્યા જવું. | ૧ |
| ૬. | માળાના પારામાં લક્ષ્ય આપી ગણતરી કરવી. | ૪ |
| ૭. | આઠેક નવી સમસ્યાઓ પૂર્ણ કરવી. | ૧ |
| ૮. | સોળ નવા વિષયો વિવાદકોએ માગેલા વૃત્તમાં અને વિષયો પણ માગેલા રચતા જવું. | ૮ |
| ૯. | ગ્રીક, અંગ્રેજી, સંસ્કૃત, અરબી, લેટિન, ઉર્દૂ, ગુર્જર મરેઠી, બંગાળી, મરુ, જોડજી આદિ સોળ ભાષાના ચારસે શબ્દો અનુક્રમ વિહીનના કર્તા કર્મ સહિત પાછી અનુક્રમ સહિત કહી આપવા વચ્ચે કામ પણ કર્યે જવાં. | ૧૬ |
| ૧૦. | વિદ્યાર્થીને સમજાવવો. | ૧ |
| ૧૧. | કેટલાક અલંકારના વિચાર. | <u>૨</u> |
| | | ૫૨"[૪૬] |

એમ બાવન કામની શરૂઆત એક સાથે કરવી. એક કામનો થોડોક ભાગ કરી, પછી બીજા કામનો થોડોક ભાગ કરવો, પછી ત્રીજો અને ચોથો એમ વારાફરતી કરતાં રહેવું. વળી પાછું પહેલા કામ ઉપર અને એક પછી એક એમ ક્રમમાં બાવન કામ પૂરાં થાય ત્યાં સુધી કરવા. ત્યારે એક બાબતનું ધ્યાન રાખવાનું કે કોઈ શબ્દ લખવાન નહિ અને બીજાને પૂછવાનું પણ નહીં.

*"શ્રીમદ્ જ્યારે ઓગણીસ વર્ષની વયના હતા ત્યારે મુંબઈમાં ડૉ. પિટરસનની અધ્યક્ષપદે મોટી જાહેર સભા સમક્ષ ફરામજી કાવજી ઈન્સ્ટિટયૂટમાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજન્ટ, અગ્રગણીય વકીલો, પંડિતવો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમણે 'સતાવધાનો' એટલે સો અવધાનનો આ અતિ અદ્ભુત પ્રયોગ કરી બતાવ્યો હતો. આ અજાયબીભરી માનસિક શક્તિ જોઈને ડૉ. પિટસન વગેરે પાશ્ચાત્ય બની ગયા. ઠેર–ઠેર તેમની મુક્ત કંઠે પ્રશંસા થવા લાગી.*

*આ અદ્ભુત અને વિરલ શક્તિના પ્રયોગ દરમ્યાન તેમને ગ્રીક, લેટિન, ફ્રેંચ, અંગ્રેજી, ઉર્દૂ, અરબી, સંસ્કૃત એમ જુદી–જુદી સોળ અજાણી ભાષાના શબ્દો આડા અવળા ત્રમયી કહેવામાં આવ્યા હતા. તે તેમને સ્મૃતિમાં ધારણ કરી તે દરેક ભાષાના શબ્દો પાછા કર્તા, કર્મના અનુક્રમ સહિત મૂળ વાક્યના સ્વરૂપમાં ગોઠવી કહી આપ્યા હતા. પોતે ગુજરાતી સિવાય બીજી ભાષાઓનો અભ્યાસ કર્યો ન હતો."* [૪૭]

આમ, શ્રીમદ્ રાજચંદ્રને ઉપરોક્ત બનાવ પછી જૈન સમાજે 'સુવર્ણચંદ્રક' અર્પણ કર્યો હતો અને સાથે–સાથે સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ પણ મળ્યું હતું. ત્યારપછી તેમની આ શક્તિ જગજાહેર થઈ હતી. અનેક વર્તમાનપત્રોમાં તેમનાં પ્રયોગો પ્રસિદ્ધ થયા હતા અને પછી ઘણાં લોકો તેમને શતાવધાની કવિ રાયચંદભાઈ તરીકે ઓળખતા હતા. આમ તેઓને શતાવધાનના પ્રયોગથી ઘણી ખ્યાતિ મળી હતી.

## ૧.૧૦ પત્રલેખન :

શ્રીમદ્ રાજચંદ્રના લખાણમાં વીસ વર્ષ પછીનો સૌથી મોટો ભાગ તેમના દ્વારાં મુમુક્ષુઓને લખાયેલા પાત્રોનો છે. આ પત્રો તેમના સમાગમમાં આવનાર તથા તેમના સમાગમનાં ઈચ્છુક એવા સોભાગભાઈ, જુઠાભાઈ, ગાંધીજી વગેરે આવા અનેક મુમુક્ષુઓને લખાયેલાં છે. એવા પ્રસિદ્ધ થયેલા લગભગ ૮૦૦ પત્રોમાનાં કેટલાંકમાં શ્રીમદ્ રાજચંદ્રની આંતરિક પરિસ્થિતિ, તો કેટલાંક પત્રોમાં જ્ઞાનીના આચરણની વાતો છે. આત્મા વિશે

મુમુક્ષુઓ લખેલા પ્રશ્નોના ઉત્તરો વગેરે બાબતો નિરૂપી છે. તેમના પત્રો પરથી ખ્યાલ આવે છે કે – શ્રીમદ્ રાજચંદ્ર સાથે તે વ્યક્તિઓના સંબંધનો પણ ખ્યાલ આવે છે. વળી, શ્રીમદ્ રાજચંદ્રને મન તે વ્યક્તિઓ કઈ કક્ષાની હતી તે પણ તે પત્રોના લખાણો, તેમાં થયેલા વિવિધ સંબંધોનો તથા તેના અંતમાં શ્રીમદ્ રાજચંદ્રે કરેલા વિવિધ પ્રકારનાં દસ્તક પરથી આપણને જાણવા મળે છે.

*"વિ.સં. ૧૯૪૩થી શરૂ કરી વિ.સ.૧૯૫૭ સુધીના તેર વર્ષના ગાળામાં શ્રીમદ્ દ્વારા મુમુક્ષુઓને લખાયેલા લગભગ ૮૦૦ જેટલા પત્રોનો જથ્થો આજે ઉપલબ્ધભ છે. તે બધા પત્રોમાં સંસારની, વ્યવહારની, વેપારની, તત્કાલીન બનાવોની કે એવી બીજી કોઈ વાતો નથી, પણ તેમાં આત્મા, ધર્મ, વૈરાગ્ય, મોક્ષમાર્ગ વગેરે અને પરમાર્થને લગતી તત્ત્વવિચારણાને જ મુખ્ય સ્થાન અપાયું છે. શ્રીમદ્નું વલણ બાળવયથી જ આધ્યાત્મિક હતું, તેથી તેમના પરિચિત વર્તુળમાં પણ જેમને આધ્યાત્મિક માર્ગમાં રસ હોય તે જ રહી શકતા. આવા મુમુક્ષુઓએ લખેલા પત્રોમાં પૂછાયેલા પ્રશ્નો વગેરેનો ઉત્તર શ્રીમદે આધ્યાત્મિક શ્રેણીમાં જ આપ્યા હતા.*

*૮૦૦ પત્રોમાંથી લગભગ ૨૫૦ જેટલા પત્રો તો શ્રીમદ્ પરમાર્થ સખા શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલા છે. ૧૨૫ જેટલા પત્રો શ્રીમદ્ના મંત્રી જેવા અંબાલાલભાઈ ઉપર લખાયેલા છે. ૧૦૦ જેટલા પત્રો મુનિ શ્રી લલ્લુજી મહારાજ ઉપર લખાયેલા છે. આમ અડધા ઉપરના પત્રો તો આ ત્રણ વ્યક્તિઓ પર જ લખાયેલા છે વળી આ પત્રો પ્રમાણમાં લાંબા પણ છે. બાકીના ૩૨૫ જેટલા પત્રો શ્રી જુઠાભાઈ, ગાંધીજી, મનસુખરામ, સૂર્યરામ, મનસુખલાલ, કીરતચંદ, ખીમજી દેવજી, ત્રિભોવન, માણેકચંદ, ચત્રભૂજ બેચર વગેરે મળી ૪૦ જેટલી વ્યક્તિઓ પર લખાયેલાં છે."* [૪૮]

શ્રીમદ્ રાજચંદ્રના પત્રોમાંથી સૌથી અગત્યની બાબત જાણવા મળે છે તે તેમનો આત્મિક વિકાસ. તેમની વીસ વર્ષની ઉંમરથી શરૂ કરી તેના જીવનના અંત સમય સુધી લખાયેલા પત્રો વર્ષવાર અને મહિનાવાર મળે છે. શ્રીમદ્ રાજચંદ્રના વિચારોમાં કયા પ્રકારના ફેરફારો થયા, તેમની આધ્યાત્મિક કક્ષા કઈ રીતે ઉચ્ચ થતી ગઈ, એટલે કે આપણને તેમના પત્રો પરથી તેમનો ક્રમિક વિકાસ થતો જોવા મળે છે. વળી, આ પત્રો અનેક વ્યક્તિઓને અંગત રીતે પ્રસિદ્ધિના કોઈપણ હેતુ વિના લખાયેલાં છે. એટલે તેમાં નૈસર્ગિકતા પૂરેપૂરી જળવાઈ રહી છે. આ પત્રો જો ઉપલબ્ધ ન હોત તો આત્માની કથા કયા ક્રમમાં વિકાસ પામતી જાય છે એ જણાવવાનું અમૂલ્ય સાધન છીનવાઈ ગયું હોત.

આમ, શ્રીમદ્ રાજચંદ્રના પત્રોની મૂડી એ આપણાં માટે અમૂલ્ય વસ્તુ છે.

## ૧.૧૧ વ્યાખ્યાનો :

વિ.સં.૧૯૫૪–૫૫માં માહ માસથી ચૈત્ર સુધીના અરસામાં શ્રીમદ્ રાજચંદ્ર મોરબીમાં રહ્યા હતા. તે વખતે તેમણે કરેલા વ્યાખ્યાનોની નોંધ – ‘વ્યાખ્યાનસાર ૧,૨’નીચે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં પ્રગટ થઈ છે. શ્રીમદ્ રાજચંદ્રના વ્યાખ્યાનો ‘ઉપદેશછાયા’માં પણ આપેલાં છે. તેમાં મુખ્યત્વે તત્ત્વવિચારણા વિશેનો જ ઉપદેશ સંગ્રહાયો છે. આત્મા, ધર્મ, સમ્યકત્વ, કેવળજ્ઞાન, ગુણસ્થાનક, કષાય, કર્મબંધ, મોક્ષ, ક્રિયા આદિ અનેક તાત્ત્વિક બાબતો પરના શ્રીમદ્ રાજચંદ્રના વિચારો અહીં રજૂ થયેલાં છે. ઉદાહરણ તરીકે એક વ્યાખ્યાન અહીં જોઈએ –

***“કાવિઠા, શ્રાવણ વદ–ર, ૧૯૫ર***

***સ્ત્રી, પુત્ર, પરિગ્રહાદિ ભાવો પ્રત્યે મૂળ જ્ઞાન થયા પછી જો એવી ભાવના રહે કે જ્યારે ઈચ્છીશ ત્યારે આ સ્ત્રી આદિ પ્રસંગ ત્યાગ કરીશ તો તે મૂળ જ્ઞાનથી વમાવી દેવાની વાત સમજવી; અર્થાત્ મૂળ જ્ઞાનમાં જો કે ભેદ પડે નહીં, પણ આચરણરૂપ થાય, વળી શિષ્યાદિ અથવા ભક્તિના કરનારાઓ માર્ગથી પડશે***

અથવા અટકી જશે એવી ભાવનાથી જ્ઞાની પુરુષ પણ વર્તે તો જ્ઞાનીપુરુષને પણ નિરાવરણજ્ઞાન તે આવરણરૂપ થાય; અને તેથી જ વર્ધમાનાદિ જ્ઞાનીપુરુષો અનિંદ્રાપણે સાડા બાર વર્ષ સુધી રહ્યા; સર્વથા અસંગપણું જ શ્રેયસ્કર દીઠું; એક શબ્દનો ઉચ્ચાર કરવાનું પણ યથાર્થ દીઠું નહીં; સાવ નિરાવરણ, વિજોગી, વિભોગી અને નિર્ભયી જ્ઞાન થયા પછી ઉપદેશકાર્ય કર્યું. માટે આને આમ કહીશું તો ઠીક અથવા આને આમ નહીં કહેવાય તો ખોટું એ વિકલ્પો સાધુ—મુનિઓએ ન કરવા.

નિધ્વંસ પરિણામ એટલે આક્રોશ પરિણામપૂર્વક ઘાતકીપણું કરતાં બેદરકારીપણું અથવા ભયપણું નહીં, ભવભીરુપણું નહીં તેવા પરિણામ.

હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણમાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિંદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય અને સહેજ રહે તે કુગુરુ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય.

લોકોને કંઈ જૂઠું કહીને સદ્‌ગુરુ પાસે સત્સંગમાં આવવાની જરૂર નથી. લોકો એમ પૂછે કે 'કોણ પધાર્યા છે?' તો સ્પષ્ટ કહેવું કે 'મારા પરમકૃપાળુ સદ્‌ગુરુ પધાર્યા છે. તેમનાં દર્શન અર્થે જવાનું છે.' ત્યારે કોઈ કહે કે 'હું તમારી સાથે આવું?' ત્યારે કહેવું કે,

"ભાઈ, તેઓશ્રી કંઈ હાલ ઉપદેશ તરીકેનું કાર્ય કરતા નથી. અને તમારો હેતુ એવો છે કે ત્યાં જઈશું તો સાંભળીશું. પણ કંઈ ત્યાં ઉપદેશ દે એવો કોઈ નિયમ નથી. ત્યારે તે ભાઈ પૂછે છે કે, 'તમને ઉપદેશ કેમ દીધો?' ત્યાં જણાવવાનું કે 'મારે પ્રથમ એમના સમાગમમાં જવાનું થયેલું અને તે વખતે ધર્મ સંબંધી વચનો શ્રવણ કર્યા કે જેવી મને તમે ખાતરી થઈ કે આ મહાત્મા છે. એમ ઓળખાણ થતાં મેં તેમને જ મારા સદ્‌ગુરુ ધાર્યા છે.' ત્યારે તે એમ કહે કે 'ઉપદેશ દે અગર ના દે પણ મારે તો તેમનાં દર્શન કરવાં છે.' ત્યારે જણાવવું કે 'કદાચ ઉપદેશ ના દે તો તમારે વિકલ્પ કરવો નહીં.' આમ કરતાંય જ્યારે આવે ત્યારે તો હરિઈચ્છા. પણ તમારે પોતે કંઈ

***તેવી પ્રેરણા ન કરવી કે ચાલો, ત્યાં તો બોધ મળશે. ઉપદેશ મળશે.' એવી ભાવના પોતે કરવી નહીં તેમ બીજાને પ્રેરણા કરવી નહીં."*** [૪૯]

અહીં 'ઉપદેશછાયા'માં મુમુક્ષુઓ સમક્ષ ઉપદેશનો સાર હોવાને લીધે, મુખ્ય–મુખ્ય મુદ્દાઓ વિશે ટાંચણ જ એમાં જોવા મળે છે. પણ વિષયવાર અને વિષયક્રમમાં વ્યવસ્થિત રીતે થયેલું લખાણ જોવા મળતું નથી. કેટલીક વાર એક જ વિષય પર જુદી–જુદી જગ્યાએ નિરૂપણ થયેલું જોવા મળે છે. તો કેટલીક વાર પુનરુક્તિ પણ જોવા મળે છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે જુદાં–જુદાં દિવસે એક જ વસ્તુ કે મુદ્દા પર શ્રીમદ્ રાજચંદ્રે વ્યાખ્યાન આપ્યું હોય તો તે વિશેનું લખાણ જુદી જુદી જગ્યાએ આવે તે સ્વાભાવિક છે. વળી શ્રીમદ્ રાજચંદ્ર પોતે પણ પ્રસંગોપાત ચર્ચા કરતા હતા, તેથી વિચારણાનો ક્રમ વ્યવસ્થિત ન હોય તે સમજી શકાય તેવી બાબત છે. વળી, 'વ્યાખ્યાન સાર–૧'માં મુખ્યત્વે આત્મા વિશેની માહિતી મળે છે. જીવે આધ્યાત્મિક રીતે આગળ વધવું હોય તો શું કરવું જોઈએ તે અહીં દર્શાવવામાં આવ્યું છે.

આમ, શ્રીમદ્ રાજચંદ્રના સમાગમમાં આવતી વ્યક્તિઓને કઈ–કઈ જાતના પ્રશ્નો ઉઠતા હતા અને શ્રીમદ્ રાજચંદ્ર તેનું સમાધાન કઈ રીતે કરતા હતા તે પણ આપણે ' ઉપદેશછાયા' આદિ દ્વારાં જાણી શકીએ છીએ.

'વ્યાખ્યાન સાર–૧'માં શ્રીમદ્ રાજચંદ્રની તત્ત્વના ઘણાં વિષયો પર શાસ્ત્રોક્ત વિચારણા જોવા મળે છે. એ પરથી તેમનો બહોળા શાસ્ત્રજ્ઞાનનો તથા તેમના આત્માનુભવનો – આપણને ખ્યાલ આવે છે. આમ આ લખાણમાં શ્રોતાએ શ્રીમદ્ રાજચંદ્રના વ્યાખ્યાનોમાંથી પોતાને જે કંઈ ઠીક લાગ્યું હોય તે જ ઉતાર્યું હોવાને લીધે તેમાં તેમનું સર્વાંગીણ પાસુ જોવા મળતું નથી. એ જ કારણે 'ઉપદેશનોંધ' અને 'ઉપદેશછાયા'માં ગ્રંથકાર વિશેના અભિપ્રાય અંગત અને વ્યક્તિગત પ્રસંગો, તત્કાલીન બનાવો વગેરે વિશેની નોંધ જોવા મળે છે. આ વ્યાખ્યાનો ઉતારનાર શ્રોતાએ માત્ર તત્ત્વની વાતો તથા તે વિશે અભિપ્રાયને જ ધ્યાનમાં રાખીને નોંધ કરી છે.

આમ, આજના યુગમાં આપણને મૂંઝવતા અનેક પ્રશ્નોનાં ઉત્તરો શ્રીમદ્ રાજચંદ્રના વ્યાખ્યાનોમાંથી મળી રહે છે. તેમની બોધ, વચનો, ઉપદેશો, વ્યાખ્યાનો આજે પણ એટલા જ મહત્ત્વનાં બની રહે છે.

## ૧.૧૨ મોક્ષમાર્ગે પ્રયાણ :

શ્રીમદ્ રાજચંદ્ર નાનપણથી જ અતિ આધ્યાત્મિક વલણ ધરાવતા હતા. જેમ–જેમ તેમની ઉંમર વધતી ગઈ તેમ–તેમ તેમનું મન વધારેને વધારે ભક્તિ તરફ ઢળતું ગયું હતું. તેઓ તપ–સાધના, ધ્યાન વગેરેમાં ખૂબજ લીન રહેતા હતા. તેમનું મન ઘણી વખત ઉદાસીન રહેતું હતું. આમ, ધીમે–ધીમે તેઓ મોક્ષમાર્ગે વળી ગયા હતા. તેમણે સંસારની અનેક વસ્તુઓનો ત્યાગ કર્યો હતો. તેમણે પોતાનાં સમાગમમાં આવનાર અનેક વ્યક્તિઓને માર્ગદર્શન અને બોધ–ઉપદેશ આપ્યાં હતા. અને મોક્ષ સંબંધી પોતાના વિચારો જણાવ્યા હતા. કે મોક્ષ એટલે શું ? કેવી રીતે મેળવી શકાય ? કયારે મળ્યો કહેવાય. વગેરે બાબતો તેમણે વિસ્તારપૂર્વક સમજાવી છે. તો અહીં મોક્ષ વિશેનું તેમનું વર્ણન જોઈએ.

***"જીવની સંપૂર્ણ કર્મરહિત સ્થિતિ તે મોક્ષ. સર્વ અન્યભાવથી આત્મા રહિત છે. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જેને અસંગપણું વર્તે છે. જેને આત્મભાવમાં સતત રહેવું થાય છે અને કોઈપણ પુદ્દગલ પરમાણુનો જેને સંગ નથી, તેવી આત્મદશાને મોક્ષ કહેલો છે.***

***મોક્ષમાં અનંતસુખ, અનંતદર્શન અને અનંતજ્ઞાન આત્માને હોય છે. તેથી તે દશા પ્રાપ્ત કરવી તે કર્તવ્ય છે. તે દશા મેળવવા જે માર્ગે ચાલવું જોઈએ તે માર્ગે એક જ છે, બે નથી. જગતમાં અનેક મત પ્રવર્તે છે, પણ તે તો દેશ, કાળ આદિની ભિન્નતાને લઈને છે. ભૂતકાળમાં જે માર્ગે જ્ઞાનીઓ મોક્ષ પામ્યા, વર્તમાનકાળે કે ક્રિયામાર્ગે જવાથી મોક્ષ જલદીથી મળતો નથી, કારણ કે તેમાં "હું મોક્ષમાર્ગ અરાધું છું" વગેરે રૂપે અહંકાર આવવાનો ઘણો સંભવ રહે છે તેથી ભક્તિમાર્ગ એ મોક્ષ મેળવવા માટે ઉત્તમ ઉપાય છે. ભક્તિમાં સદ્દગુરુને ચરણે સર્વ સમર્પી દેવાનું છે.***

*ભક્તનું પોતાનું કશું રહેતું નથી, તેથી અહંકાર, મમતા આદિ અવગુણોને આવવાનો અવકાશ રહેતો નથી. વળી, તેનાથી નમ્રતા, વિવેક આદિ ગુણો પણ ખીલે છે, તેથી ભક્તિમાર્ગે જવાથી સહેલાઈથી મોક્ષ મળે તેમ શ્રીમદ્દનું જણાવવું છે."* [૫૦]

શ્રીમદ્ રાજચંદ્રે 'મોક્ષમાળા'માં ચાર ગતિ, સંસારને ચાર ઉપમા અને 'ભાવનાબોધ'માં બાર ભાવનાઓ વગેરેની સમજણ આપી છે. તેમાં તેમણે સમજાવ્યું કે સંસારની ચારે ગતિઓમાં મનુષ્ય ગતિ શ્રેષ્ઠ છે. જ્યાં મોક્ષ મેળવવાનો પ્રયાસ કરી શકાય છે. કહેવાય છે કે કોઈ જીવ જ્યારે ચોર્યાશી લાખ યોનીમાંથી પસાર થયા પછી તેમને મનુષ્યદેહ મળે છે. માટે જીવનો છેલ્લો દેહ મનુષ્યદેહ હોય છે. મનુષ્યમાં વિવેક, વૈરાગ્ય શક્તિ અને પુરુષાર્થ કરવાની ક્ષમતા રહેલી છે. એટલે મનુષ્ય સિવાય બીજા કોઈ જીવને મોક્ષ મળતો નથી.

બીજી બાબત આપણને એ પણ સમજાય છે કે જો કોઈ જ્ઞાની પુરુષનો સાથ મળી જાય તો તેમની ભક્તિ બહુ અગત્યની બની જાય છે અને સાચા સદ્ગુરુ વિના મોક્ષ મળવો દુર્લભ છે.

આમ, શ્રીમદ્ રાજચંદ્રજીને નાની વયમાં માર્ગ ઉદ્ધાર કરવાની તમન્ના હતી. તેમણે પોતાનાં માતુશ્રીને ઘણી વખત જ કહ્યું હતું કે મને સર્વસંગપરિત્યાગવાની પરવાનગી આપો. જેથી હજારો માણસો મૂળમાર્ગને પામી શકે. પરિવાર સુખમય હતો છતાં તેઓ વિરક્ત અવસ્થા તરફ જ પ્રયાણ કરતા હતા.

*"સં.૧૯૫૬માં શ્રીમદ્દે સ્ત્રીપુત્રાદિ અને લક્ષ્મીનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. આ વર્ષ દરમ્યાન શ્રીમદે સંપૂર્ણ સંન્યાસ લેવા માટેની સર્વ પ્રકારની બાહ્ય તેમજ આંતર તૈયારી પણ કરવા માંડી હતી. પરંતુ અચાનક તેમનું શરીર એ અરસામાં જ કથળવા લાગે છે. તોયે શ્રીમદ્ સર્વસંગપરિત્યાગ કરવાના પોતાના નિર્થયમાં એટલા જ નિશ્ચલ રહે છે."* [૫૧]

ત્યારપછી તેઓ ઈડરનાં પહાડોમાં લઘુરાજ સ્વામી અને અન્ય જૈન મુનિઓ સાથે ઈડરના પહાડોમાં છ દિવસ સુધી અત્યંત ધાર્મિક વાતાવરણમાં આધ્યાત્મિક માર્ગદર્શન અને તત્ત્વબોધ આપ્યો હતો. ત્યારપછીના થોડાં સમય પછી તેમણે લઘુરાજ સ્વામી અને દેવકરણજીને છેલ્લી સૂચના આપતાં કહ્યું હતું કે ‘‘અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહીં.’’ [૫૨]

ત્યારપછી ઈ.સ.૧૯૦૧માં રાજકોટમાં શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહોત્સર્ગ નજીક હતો તે સમયમાં તેમના નાનાભાઈ મનસુખભાઈએ અત્યંત સ્નેહભાવથી સેવા–ચાકરી કરી હતી. શ્રી મનસુખભાઈએ શ્રીમદ્ રાજચંદ્રની અંતિમ અવસ્થાનું વર્ણન એક પત્રમાં નીચે મુજબ આપ્યું છે.

*‘‘મનદુઃખ – હું છેવટની પણ પર્યંત અસાવધ રહ્યો ! તે પવિત્રાત્માએ આડકરી રીતે ચેતવ્યું, તથાપિ રાગને લઈને સમજી થાક્યો નહિ. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને એકવાર ચેતવણી આપી હતી.*

*હું અજ્ઞાન, અંધ અને મૂર્ખ તેઓશ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો.*

*દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, ‘તમે નિશ્ચિત રહેજો, આ આત્મા શાશ્વત છે, તમે શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારાં એ કહી શકવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો.*

*આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગના કારણથી ચેતી શકયા નહિ. અમે તો એમ ભ્રમમાં રહ્યા કે અશક્તિ જણાય છે.*

*રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે, ‘ નિશ્ચિત રહેજો. ભાઈનું સમાધિ મૃત્યુ છે.’’*

'ઉપાયો' કરતાં શરદી ઓછી થઈ ગઈ.

'પોણા આઠ વાગ્યે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું. તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યાં હતા.

પોણા નવે કહ્યું, 'મનસુખ, દુઃખ ન પામતો; મને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'

'સાડાસાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મને આજ્ઞા કરી.

મને લાગ્યું કે, અશક્તિ ઘણી જણાય છે. મારે ફેરફાર ન કરવો. ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર.

એટલે મેં સમાધિસ્થ ભાવે સૂઈ શકાય એવી કોચ ઉપર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થ ભાવે છૂટા પાડ્યા; લેશ માત્ર આત્મા છૂટો થવાનાં ચિન્હ ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ–તેમ મુખમાંથી ક્રાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી.

વઢવાણ કૅમ્પમાં જે સ્થિતિમાં ઊભાં ઊભાં ચિત્રપટ પડાવેલ તે જ સ્થિતિમાં કોચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા. તોપણ કશું જણાયું નહોતું. એક કલાકે દૂધ પીધા પછી હંમેશા દિશાએ જવું પડતું તેને બદલે આજે કાંઈ પણ નહિ. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ.

આવા સમાધિસ્થભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો....

*આમ, સંવત ૧૯૫૭નો ચૈદ વદ પાંચમને મંગળવારે બપોરે બે વાગતાં શ્રીમદ્ રાજચંદ્રજી આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરીને ઉત્તમ ગતિ પામ્યા; પરમપદ પામ્યા.*

*ૐ શાંતિ: શાંતિ: શાંતિ: ।"* [૫૩]

આમ, ભરયુવાન વયે જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રના શાશ્વત, પરમ જ્યોતિ સ્વરૂપ આત્મા એ ઊર્ધ્વગમન કર્યું.

# ❖ પાદટીપ ❖

૧. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૫
૨. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના', મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૨
૩. 'શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ', પૃ.૫૫
૪. 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી', કુમારપાળ દેસાઈ, પાચમી આવૃત્તિ–નવે.૨૦૦૭, પૃ.૩
૫. 'શ્રીમદ્ રાજચંદ્ર બૃહદગ્રંથ', પૃ.૮૯
૬. 'શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ', અંક–૮૯, પૃ.૨૦૩
૭. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના', મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૧૩
૮. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૩
૯. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૮
૧૦. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના', મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૧૪
૧૧. એજન, પૃ.૫૬
૧૨. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૯
૧૩. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૧૭
૧૪. એજન, પૃ.૧૮
૧૫. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના', મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૬૧
૧૬. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૪૪

૧૭. એજન, પૃ.૪૧

૧૮. એજન, પૃ.૪૨

૧૯. એજન, પૃ.૪૨

૨૦. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૧૮

૨૧. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૪૬

૨૨. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૨૪

૨૩. 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી', કુમારપાળ દેસાઈ, પાચમી આવૃત્તિ–નવે.૨૦૦૭, પૃ.૬૯

૨૪. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૬

૨૫. એજન, પૃ.૬

૨૬. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૮૦

૨૭. એજન, પૃ.૮૦

૨૮. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૧૯

૨૯. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના', મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૯૯

૩૦. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૨૦–૨૧

૩૧. એજન, પૃ.૨૨

૩૨. એજન, પૃ.૧૮

૩૩. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૬૨

૩૪. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા', શ્રી બ્ર. ગોવર્ધનદાસજી, ચૌદમી આવૃત્તિ–૨૦૧૨, પૃ.૨૨૫

૩૫. એજન, ૨૩૫

૩૬. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૩૬

૩૭. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૩૪૩

૩૮. એજન, પૃ.૩૪૧

૩૯. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા', શ્રી બ્ર. ગોવર્ધનદાસજી, ચૌદમી આવૃત્તિ–૨૦૧૨, પૃ.૨૧

૪૦. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૩૫

૪૧. એજન, પૃ.૨૭

૪૨. એજન, પૃ.૨૭

૪૩. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૩૩૮

૪૪. એજન, પૃ.૬૫

૪૫. એજન, પૃ.૧૫

૪૬. એજન, પૃ.૧૬

૪૭. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા', શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૧૪

૪૮. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૩૨૫

૪૯. ‘શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા’, મનુભાઈ ભગવાનદાસ મોદી, દ્વિતીયા આવૃત્તિ–૨૦૦૨, પૃ.૩–૪
૫૦. ‘શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ’, ડૉ. સરયુબેન મહેતા, પ્રથમ આવૃત્તિ જાન્યુ–૧૯૭૦, પૃ.૩૬૦–૩૬૧
૫૧. ‘શ્રીમદ્ રાજચંદ્ર જીવન–સાધના’, મુકુલભાઈ કલાર્થી, પ્રથમ આવૃત્તિ–૨૦૦૭, પૃ.૧૪૫
૫૨. એજન, પૃ.૧૪૮
૫૩. એજન, પૃ.૧૫૦–૧૫૧